વીવેકપંથી

૬૮

નવેમ્બર ૨૦૦૭

તંત્રી : ગુલાબ ભેડા

કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૩.

ફોન : ૨૮ ૩૮ ૮૮ ૯૧

૭૮નાં થતાં સુધીમાં અમે શું શું જોયું?

મને ૭૮મું વર્શ બેઠું ત્યારે કેટલાક વીદ્યાર્થી-વીદ્યાર્થીનીઓ અભીનંદન આપવા આવ્યાં. મારી સાથે ચર્ચા કરતાં કરતાં કોઈએ પુછયું કે આટલાં વર્શોમાં તમને જીંદગી કેવી લાગી? જીવન વીશે તમારા ખ્યાલ કેવા રહ્યા?

મેં જવાબ આપ્યો – બીલકુલ સંતોશકારક. તમે છોકરાંઓ જે કદી અનુભવી નહીં શકો, કદી જોઈ નહી શકો એવું અમે અનુભવ્યું અને જોયું. ભારતનો જે પાંચ હજાર વર્શનો ઈતીહાસ આપણે જાણીએ છીએ એમ કહેવાય તો તેમાં સૌથી અગત્યના સમયગાળામાં અમે જીવ્યા. આ ભારત દેશે એના આટલા લાંબા ઈતીહાસમાં જે કોઈ કાળે જોયું નહોતું તેના અમે સાક્ષી બન્યા.

અમે ગાંધીજીને જોયા. અમે સરદાર વલ્લભભાઈ પટેલને જોયા. અરે, સરદારની જોડે થોડીઘણી વાતો કરવાની પણ અમને તક મળી.

આ ગાળામાં અમે સ્ત્રીઓને કે જે સદીઓથી ગુલામીમાં સબડતી હતી, જેનું અસ્તીત્વ માત્ર એક નામશેશ સરખું હતું, તેને ઘરની ચાર દીવાલમાંથી ઉબરો ઓળંગીને બહાર નીકળીને સમાજના એક સ્વાભીમાની સભ્ય તરીકે સ્થાન પામતી જોઈ. સ્ત્રીને તેનું વ્યક્તીત્વ, પોતીકી ઓળખાણ મેળવતી અને પુરુશ સમોવડી તરીકે અને કેટલાંક ક્ષેત્રોમાં તો પુરુશથી પણ આગળ એવું માનભર્યું અને સ્વહક્કનું સ્થાન પામતી જોઈ. સ્વમાની અને સ્વાવલંબી વ્યક્તીત્વની હકદાર બનતી જોઈ.

અમે સદીઓથી સમાજના કુરીવાજો અને બંધારણ – બંધનોને કારણે ક્ચડાઈ રહેલા દલીતો – અસ્પૃશ્યો વગેરેને સ્વમાનભેર સમાજના એક હક્કદાર અંગ બનતા જોયા. ફેંકાઈ ગયેલાઓને સમાજમાં અને રાશ્ટ્રીય વ્યવહાર યોજનાઓમાં રાશ્ટ્રીય પ્રવાહોમાં એકમેક થઈને ગોરવભર્યું સ્થાન મેળવતાં, બીજા વર્ગોની જેમ સમાનતાના ભાવે એકરસ થતા જોયા.

અરે, અમે તો માણસને ચંદ્ર પર પગ મુકતો પણ જોયો.

★

તાજ્જુબ

અંગ્રેજી આંકડાને અંગ્રેજી શબ્દ (1 : one)માં ગોઠવો અને જુઓ કે:

૧ એકથી નવ્વાણું (one to ninty nine) લખવામાં અંગ્રેજીના પહેલા ચાર અક્ષર ABCD ક્યાંય વપરાયા નથી. માત્ર એકસો (hundred) લખવામાં જ D આવે છે.

૨. ૧ થી ૯૯૯ (one to Nine hundred ninety nine) લખવામાં ક્યાંય A, B કે Cઆવતા નથી. જ્યારે Thousand લખો છો તો ત્યારે જ A આવે છે.

૩. ૯૯૯,૯૯૯,૯૯૯ (Ninety Nine Crore, Ninty Nine Lakh, Ninty Nine Thousand and Ninty Nine) લખતાં સુધી ક્યાંય B અને C આવતા નથી. માત્ર એક અબજ (Billion) લખો છો ત્યારે જ Bઆવે છે.

૪. અને છેલ્લે ચમત્કારોનો પણ ચમત્કાર જુઓ. A,B,C,D નો રાજા 'C' કોઈપણ આંકડાના શબ્દાંકનમાં ક્યાંય આવતો નથી.

– **મોહનભાઈ પટેલ** (પુર્વ શેરીફ)

વીજ્ઞાન ચીંતન

– લલીત નગરશેઠ

(ગતાંકથી ચાલુ)

વીજ્ઞાનના અભ્યાસનો વીશય સમગ્ર સૃશ્ટી છે. સૃશ્ટી અવકાશ (Space) અને કાળ (Time)ના અનંત પટ પર વીસ્તરેલી છે. આજ સુધી મનુશ્યે વૈજ્ઞાનીક પધ્ધતીથી કુદરતના હજારો રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. પરંતુ સ્થળ અને કાળના પરીપેક્ષ્યમાં સંશોધક સૃશ્ટીના મર્યાદીત અંશને જ જાણી શકે છે. તેથી મનુશ્યે પ્રાપ્ત કરેલ અતી અલ્પ જ્ઞાનના પ્રમાણમાં તેનું અજ્ઞાન અનેકગણું છે અને રહેવાનું, કારણ કે સૃશ્ટીનો વીસ્તાર અનંત છે. વળી કુદરતી ઘટનાઓ અને પ્રક્રીયાઓ અત્યંત જટીલ હોવાથી તેને વીશે શાશ્વત (Everlasting) કે અંતીમ (ultimate) સત્ય (Truth) પામવાનું અશક્ય છે. વૈજ્ઞાનીક જ્ઞાન પ્રયોગાત્મક (Tentative) છે, કારણ કે વીજ્ઞાન સ્વયંસુધારક અને સતત વીકાસશીલ હોવાથી જ્ઞાનના ઉચ્ચતર શીખરો સીધ્ધ કરતું રહે છે. વીજ્ઞાનની યાત્રામાં પ્રવર્તમાન સીધ્ધાંતો કે નીયમોની સામે અનેકવાર પડકારો આવ્યા છે અને આવા પડકારો ઝીલીને વીજ્ઞાન સતત આગેકુચ કરતું રહ્યું છે.

આવો એક પડકાર વીસમી સદીના પ્રારંભમાં આવ્યો હતો. લગભગ ઓગણીસમી સદીના અંતીમ દસકા સુધી ન્યુટન પ્રભાવીત પ્રશીશ્ટ ભૌતીક વીજ્ઞાન (Classical Physics) સર્વસ્વીકૃત રહ્યું. ન્યુટનના ત્રી–પરીમાણી (3-Dimensional) ભૌતીક વીજ્ઞાન વીશ્વની રચના અને ઘટનાઓ સમજવા માટે પર્યાપ્ત છે અને ભૌતીક વીજ્ઞાનના ક્ષેત્રે મુળભુત ગણી શકાય તેવી શોધો થઈ ચુકી છે. માટે ભાગ્યે જ કંઈ ખાસ નવું જાણવાનું બાકી રહે છે એવું સાંત્વન વીજ્ઞાન જગતમાં પ્રવર્તવા માંડયું.

પરંતુ ઓગણીસમી સદીના અંતે અને વીસમી સદીના પ્રારંભના સમયગાળા દરમ્યાન ક્ષ–કીરણો (X-Ray), કીરણોત્સર્ગ (Radio Activity), પરમાણુંની વીભાજ્યતા (Divisibility of Atom), પરમાણુંની આંતરરચના તથા તેમાં સમાયેલા વીજાણું (Electrons) અને પ્રોટોન (Protons) જેવા સુક્ષ્મ કણોના ગુણધર્મો, તત્ત્વોનું રુપાંતર (Transmulation of Elements) મેકસ પલાન્ક (તેમ જ અન્ય વૈજ્ઞાનીકો) દ્વારા સ્થાપીત કવૉન્ટમ મીકેનીકસ (Quantum Mechanics) જેવી ક્રાન્તીકારી શોધોથી વૈજ્ઞાનીકોને વીશ્વનું વાસ્તવીક સ્વરુપ અને ઘટનાઓ સમજવા માટે તદ્દન નવી દ્રશ્ટી પ્રાપ્ત થઈ. સૃશ્ટીના રહસ્યો વધુ સ્પશ્ટ રીતે સમજી શકાયા. પ્રશીશ્ટ ભૌતીક વીજ્ઞાન કરતાં આધુનીક ભૌતીક વીજ્ઞાન વધુ સુક્ષ્મ તેમજ વીસ્તૃત સ્તરે વીકસ્યું છે. આધુનીક ભૌતીક વીજ્ઞાન આકાશગંગાઓ સુધી વીસ્તરેલ બૃહદ સૃશ્ટી (Macro Universe) તેમ જ ઈલેક્ટ્રોન જેવી અતી સુક્ષ્મ (Micro Universe) સ્તર સુધીની ઘટનાઓનું વધુ વાસ્તવીક પ્રતીબીમ્બ પાડે છે.

અલબત્ત આનો અર્થ એવો નથી થતો કે ન્યુટોનીયન ભૌતીક વીજ્ઞાન ખોટું ઠરે છે. હકીકતમાં નવા જ્ઞાનનો ઉદભવ અને વીકાસ જુના જ્ઞાન સાથે એક રીતે સંકળાયેલા રહે છે. નવામાં જુનાનો સમાવેશ થાય છે. નવા પ્રવર્તમાન વીજ્ઞાનને અગાઉના વીજ્ઞાનની મર્યાદા સમજાય છે. વ્યવહારીક સ્તરે આધુનીક ઈન્જીનીઅરીંગ કે યંત્રશાસ્ત્ર માટે ન્યુટનના ત્રીપરીમાણી (3-Dimensional) ભૌતીક વીજ્ઞાનના નીયમો કારગત છે.

કવૉન્ટમ મીકેનીકસ પ્રયોગોમાં એવું જોવા મળ્યું કે ઈલેક્ટ્રોન કોઈવાર કણ (Corpuscle) ની જેમ ગતી કરતો હતો તો કોઈવાર શક્તી (Energy)ના તરંગ (Wave) ના રુપમાં. આમ ઈલેક્ટ્રોન તેમ જ તરંગ એમ બે ભીન્ન સ્તરે વર્તતો દેખાવા માંડયો. બે સ્વરુપોમાં દેખાતી આવી ભૌતીક વાસ્તવીકતા (Physical Reality) નું વર્ણન કરવા (Wavicle) તરંકણ જેવો શબ્દ ચલણમાં આવ્યો. વધુમાં ગતીમાન ઈલેક્ટ્રોનના સ્થાન સુચકાંકો (Coordinates) અને તેના પરીમાણો Dimensions એ બેઉ એક સાથે નક્કી થઈ શકતા નથી. આ અનીશ્ચીતતાને Quantum Mechanics ના એક સ્થાપક વર્નર હાઈઝનબર્ગે અનીશ્ચીતતાના સીધ્ધાંત (Principle of Uncertain by) ના રુપમાં રજુ કરી.

ભૌતીક વાસ્તવીકતાના દ્વી–સ્વરુપ અને આ અનીશ્ચીતતાને કારણે અગ્રગણ્ય વૈજ્ઞાનીકો પણ મુંઝાઈ ગયા. કેટલાક વીજ્ઞાનીઓએ પ્રકૃતીની ભૌતીક વાસ્તવીકતા વીશે તેમ જ તેના અસ્તીત્વને સંશયની દ્રશ્ટીએ જોવા માંડયા. શું મનુશ્ય પોતાની ઈન્દ્રીયોથી જેને અનુભવે છે તે જ ખરેખર સૃશ્ટીની વાસ્તવીકતા છે? કેટલાક વૈજ્ઞાનીકો અને દાર્શનીકો (Philosophers) તો એટલી હદ સુધી શંકા કરવા માંડયા કે નીરીક્ષકની અનુપસ્થીતીમાં એટલે કે

નીરીક્ષકથી સ્વતંત્ર એવી વાસ્તવીક સૃશ્ટીનું અસ્તીત્વ હોઈ શકે ખરું?આ ઈન્દ્રીય ગોચર સૃશ્ટી માયા કે ભ્રમ (Illusion) તો નથી ને? આ અનુભવાતી સૃશ્ટી મનુશ્યના મગજની પેદાશ તો નથી ને? આમ Physics જાણે કે Metaphysics તરફ જતું લાગવા માંડયું.

હવે જો આપણે (Human Consciousness) માનવચેતનાથી સ્વતંત્ર એવી સૃશ્ટીનું અસ્તીત્વ જ સ્વીકારીએ નહીં તો જ્ઞાનનો વીશય શું? વળી જો આપણી જ્ઞાનેન્દ્રીયો મારફત ઝીલાતા અને ચેતના (Consciousness) ઉપર પડતાં સૃશ્ટીનાં પ્રતીબીમ્બને સાચું ના માનીએ તો જ્ઞાન કઈ રીતે મેળવી શકાય? જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રીયામાં આ ત્રણનો સમાવેશ થાય છે. ૧) જ્ઞાનનો વીશય એટલે કે સૃશ્ટી અથવા પ્રકૃતી, ૨)મનુશ્યનું જ્ઞાનતંત્ર અને ૩) જ્ઞાન પ્રાપ્ત કરવાની રીત અથવા પધ્ધતી. આમ આ પ્રક્રીયામાં જ્ઞાનશોધક (વૈજ્ઞાનીક)ની સામેલગીરી અને સક્રીયતાને કારણે જ્ઞાન માત્ર નીરીક્ષક સાપેક્ષ જ એટલે કે (Subjective) જ હોય. પરંતુ વીજ્ઞાનના પ્રયોગો અને નીરીક્ષણો હજારો વૈજ્ઞાનીકો કરતા હોય છે. તેમ જ કાળક્રમે વીજ્ઞાન વધુ ને વધુ સુક્ષ્મતર તેમજ વીસ્તૃત થતું જાય છે. તથા ઉત્તરોત્તર વીજ્ઞાન વધુ ને વધુ (Objective) વસ્તુનીશ્ઠ થતું જાય છે. ભૌતીક વાસ્તવીકતા (Physical Reality) નું જે પ્રતીબીમ્બ નીરીક્ષકનાં જ્ઞાનતંત્રમાં પડે છે તે જ અનુભવજન્ય જ્ઞાન.

કુદરત જે સ્વરુપમાં પ્રગટ થતી હોય તે સ્વરુપમાં જ તેનો સ્વીકાર કરવો જોઈએ. નહી કે આપણી અપેક્ષા કે પુર્વધારણા મુજબ કુદરતની કોઈ ઘટના આપણે આજે ના સમજી શકતા હોઈએ તો ભવીશ્યમાં પણ તેનો ઉકેલ નહીં મળે એમ માનીને વીજ્ઞાનની પધ્ધતીમાં શંકા કુશંકા કરી તેનો ત્યાગ કરવો એટલે માનવીની જ્ઞાન મેળવવાની શક્તીનો અનાદર છે. આજ સુધીનો ઈતીહાસ એવી આશા જરુર જન્માવે છે કે આજ સુધી અંધકારમાં રહેલા ખુણાઓ પર વીજ્ઞાન જરુર પ્રકાશ પાડશે. ભૌતીકવાદ અને વીજ્ઞાનનો ત્યાગ કરવાથી ગુઢવાદ (Mysticism) ભ્રાન્તીવાદ(Obscurantism) અધ્યાત્મવાદ (Spiritualism) અને અજ્ઞેયવાદ (Agnosticism) જેવા અંધકારમય પ્રદેશમાં ધકેલાઈ જઈશું.

બોઝની બાબતમાં સત્ય બે મતની વચ્ચે દેખાય છે

– સુર્યકાંત શાહ

આપણા મહાન વૈજ્ઞાનીક જગદીશચંદ્ર બોઝના વનસ્પતી અંગેનાં સંશોધનો પર 'વીવેકપંથી'માં બે ધુરંધરો પોતાનો મત પુરા આગ્રહથી વ્યક્ત કરી ગયા છે. ભારત સરકારના વીજ્ઞાન અને ટેકનોલાજી ખાતાના એક ભાગ સ્વરુપ ચાલતી રાશ્ટ્રીય વીજ્ઞાન એવમ્ પ્રૌદ્યોગીક સંચાર પરીશદે અંગ્રેજીમાં 'જ્વેલસ્ ઓફ ઈન્ડીયન ફીઝીક્સ' નામનું પુસ્તક પ્રકાશીત કર્યું છે. આ પુસ્તકમાંથી બોઝનું જીવનચરીત્ર વાંચતાં એવું માલુમ પડે છે કે 'વીવેકપંથી'માં ચર્ચામાં ઉતરેલા ધુરંધરોના બે મતોની વચ્ચે સત્ય છે.

બોઝે ભૌતીકશાસ્ત્રના વૈજ્ઞાનીક તરીકે કારકીર્દી શરુ કરેલી. એક મીલીમીટર લંબાઈવાળા રેડીયો મોજાં પેદા કરવામાં અને તેમાં સમાવીશ્ટ તત્ત્વોને સમજવામાં તેઓ પહેલા હતા. વાયરલેસ ટોકનોલોજી શરુ કરવામાં તેમનો ફાળો મહત્ત્વનો હતો. સેમીકન્ડકટર રેકટીફાયરથી રેડીયો મોજાં પારખવાની શોધ એમની હતી. વીદ્યુત કીરણો માટે સલ્ફર રીફ્રેકશનના આંક નીર્માણનું એમનું સંશોધન લંડનની રોયલ સોસાયટીએ ઈ.સ. ૧૮૯૫માં એક શોધ તરીકે સ્વીકારી તે પરના બોઝના પેપરનું પ્રકાશન કર્યું હતું. આ સંશોધન આગળ ચલાવવા રોયલ સોસાયટીએ બોઝને અનુદાન પણ આપ્યું હતું. ૧૮૯૬માં લંડન યુનીવર્સીટીએ એમને ડોકટર ઓફ સાયન્સની પદવીથી વીભુશીત કર્યા હતા. આમ ભૌતીકશાસ્ત્ર ક્ષેત્રે બોઝનું પ્રદાન મુળભુત અને મૌલીક હતું.

આ ક્ષેત્રે સંશોધન કરતાં એમણે 'જોયું'કે 'વીદ્યુત મોજાં સ્વીકારતું એમનું સાધન લાંબા વપરાશ બાદ 'થાકી' જાય છે. એને થોડો આરામ આપ્યા બાદ એ ફરી મુળ શક્તીથી કામ કરે છે.' આ અવલોકન સાચું છે કે કેમ તેનાં વારંવાર પરીક્ષણ, નીરીક્ષણ, તે માટે જરુરી ખુલ્લું મન અને સાથીઓ (peers) પાસે તેની સ્વતંત્ર ચકાસણીની વૈજ્ઞાનીક પધ્ધતીઓનો આશરો લેવાને બદલે એમણે 'માની' લીધું કે ચેતનની જેમ જડમાં પણ 'સંવેદનાઓ' છે. 'વીવેકપંથી'માં ચાલેલી ચર્ચા આ મુદ્દા

પર હતી. એક મહાન વૈજ્ઞાનીકને નહીં શોભે તેવી આ માન્યતા પર આવવાની બોઝની એ ઉતાવળ હતી. એક વૈજ્ઞાનીકનું આ અવૈજ્ઞાનીક વલણ હતું. સંશોધન કરતાં કરતાં મળતાં પરીણામોને તપાસવાની શુધ્ધ વૈજ્ઞાનીક પધ્ધતીનો ઉપયોગ કરવાને બદલે પોતે નક્કી કરેલાં 'તારણ'ને અનુકુળ સંશોધન(?) પધ્ધતીઓ એમણે ઉપયોગમાં લીધી. ચેતનની લાક્ષણીકતાઓ છે કે તે વૃધ્ધી–ક્ષય પામે છે, પ્રજનન કરે છે અને આ બન્ને કરવા માટે જરુરી નૈસર્ગીક પ્રયત્નો કરે છે. પથ્થર જેવી જડ ચીજો પ્રજનન કરતી કે તે માટે જરુરી નૈસર્ગીક પ્રવૃત્તીઓ કરતી હોય તેવું પુરવાર થઈ શકશે નહીં તે 'સમજીને' બોઝે એની વૃધ્ધી–ક્ષય માપવા માટે પ્રયત્નો કર્યા. આ માટે એમણે એવાં સાધનો શોધ્યાં કે જે એક સેકંડમાં ૧/૧,૦૦,૦૦૦ ઇંચ જેટલી વૃધ્ધીને પણ માપી શકે. આ બધાં સાધનોના ઉપયોગથી અને પોતે નક્કી કરેલાં 'તારણ'ને પુરવાર કરતી પધ્ધતીઓની મદદથી એમણે એ જ રોયલ સમક્ષ ઈ.સ. ૧૯૦૧માં ચેતન–અચેતન વચ્ચેની પુરવાર થયેલ એકતાનું પેપર રજુ કર્યું. સોસાયટીના અન્ય વૈજ્ઞાનીકોએ બોઝની ક્ષતી શોધી કાઢી અને બોઝ કશું પુરવાર કરી શક્યા નથી તે બોઝને જ જણાવ્યું.

જે રોયલ સોસાયટીએ ભૌતીકવીજ્ઞાન અંગેની એમની શોધો માટે એમને બીરદાવ્યા હતા તે જ સોસાયટીએ જડ–ચેતનની એકતાના એમના મતને સ્વીકારવાનો કે તે મતને પુરવાર કરતી પધ્ધતીઓને વૈજ્ઞાનીક પધ્ધતીઓ તરીકે સ્વીકારવા ઈનકાર કર્યો. આ તબક્કે બોઝે ક્યાં તો પોતાના દાવાને પડતો પુકવો જોઈતો હતો અથવા એ દાવાના વૈજ્ઞાનીક આધાર આપવા જોઈતા હતા. આમ કરવાને બદલે પોતાની મમત સંતોશવા તેઓ જડ અને ચેતનની વચ્ચે વનસ્પતી છે એમ માની તેના પર સંશોધન કરવા માંડયા.

એ સાચું છે કે વનસ્પતીમાં જીવ હોવાની બાબત બોઝે પુરવાર કરી નથી. વનસ્પતીમાં જીવ હોવાનું તે પહેલાં પુરવાર થઈ ગયું હતું, પરંતુ બોઝ એ પુરવાર કરવા મથતા હતા કે માણસની જેમ વનસ્પતીમાં પણ યંત્રવત્તા, ગરમીનું ઉપયોજન, વીદ્યુત આંચકા, રસાયણો અને દવા પરત્વે વીદ્યુત પ્રતીભાવ પાડવાની 'સંવેદના' છે. બોઝના આ દાવાને પણ તેઓ જીવતા હતા તે દરમીયાન જ સ્વીકારવામાં આવ્યો નથી. પથ્થર–ધાતુ જેવા જડ પદાર્થોમાં ચેતન–સંવેદના– હોવાનું આજ સુધી સ્વીકારાયું નથી. જેઓ આવા દાવા કરે છે તેઓ વૈજ્ઞાનીક રીતે તે પુરવાર કરી શક્યા નથી. એમના દાવા સાથીઓની ચકાસણીમાંથી પાર ઉતર્યા નથી. માણસની સંવેદનાના પ્રમાણમાં વનસ્પતીમાં ઘણી ઓછી સંવેદના હોવાનું પુરવાર થયું છે, પરંતુ બોઝના જે દાવા હતા તેમાંનું કશું પુરવાર થયું નથી. મોટાભાગના સામયીકોએ બોઝના જીવન દરમીયાન જ એમના દાવાનો અસ્વીકાર કરતી નોંધો પ્રસીધ્ધ કરી હતી. આમ છતાં, સામાન્યત: વીજ્ઞાનના સામયીકો જે પુરવાર થાય છે તેની જ વીશેશત: નોંધ લે છે. કોઈક ગ્રંથે નીરાધાર દાવાની નોંધ લીધી નહીં તેવું જણાવીને તે દાવો આપોઆપ પુરવાર થયાનું જણાવવું તેમાં તર્કદોશ છે.

પ્રમાણીત વૈજ્ઞાનીક કસોટીઓમાં પોતાનાં સંશોધનોને ચકાસવા આપવાને બદલે કેટલાક લોકો એક યા બીજી ભ્રામક વૈજ્ઞાનીક પધ્ધતી કે સાધનોની મદદથી કશુંક પુરવાર કર્યાના દાવા જનમાધ્યમોમાં પોતે જ કરતા હોય છે. બોઝના નામે આજે પણ આથી સર્વવ્યાપી જીવનના દાવા થાય છે. આવા દાવા કરવાનું એક પ્રેરકબળ છે. ડાર્વીનના સીધ્ધાંત હેઠળ જીવની ઉત્ક્રાંતીના જે ક્રમને દર્શાવવામાં આવ્યો છે તે પૃથ્વીની રચના કરનાર કોઈક રચયીતા હોવાના દાવાને નીરાધાર બનાવી દે છે. આ બાબત ઘણાથી સહન થતી નથી. અપાર્થીવ રચયીતાના દાવાને આગળ ધરી ઘણા સ્થાપીત હીતો પ્રજાનું શોશણ કરે છે. એમને માટે ડાર્વીનનો સીધ્ધાંત ઘણો નુકસાનકારક છે. આથી, તેઓ એમની અવૈજ્ઞાનીક માન્યતાને વૈજ્ઞાનીકતાના વાઘા ચઢાવે છે.

મહાન વૈજ્ઞાનીક બોઝના અવૈજ્ઞાનીક વલણમાંથી આવા લોકોને જરુરી મુદ્દાઓ મળી આવ્યા છે. આથી તેઓ જડ–ચેતનની ઐક્યતાને બોઝને નામે ગાય–બજાવે છે. આ લોકો ખુબ પ્રભાવક પ્રચાર કરી શકે છે. આ લોકો એમની અવૈજ્ઞાનીક વાતોને ભારે ભારે વૈજ્ઞાનીક શબ્દોનાં આભુશણોથી શણગારે છે. આ બધા પ્રયત્નોના ભાગ સ્વરુપ જ (Intelligent Design) 'બૌધ્ધીક રચના' ની બીલકુલ અવૈજ્ઞાનીક વાતને ડાર્વીનના સીધ્ધાંત વીરુધ્ધ મુકવામાં આવી છે. આમ, 'વીવેકપંથી'માં જે બે ધુરંધરોનો વીવાદ ચાલ્યો તેમાં આ બે વીચારધારાનો સંઘર્શ પણ છુપાયેલો પડયો હતો. રેશનાલીસ્ટોએ તો આજ દીન સુધી જે વૈજ્ઞાનીક રીતે પુરવાર થયું છે તેને જ સાચું માનીને આ વીવાદ મુલવવો જોઈએ.

[૧૭, ગાયત્રી ગંગા નગર, તીરુપતી હોટલની પાછળ,
અડાજણ, સુરત–૩૯૫૦૦૯]

સુધારેલી જોડણીને રેશનાલીસ્ટ જોડણી તરીકે સ્વીકારીએ ? (૩)

– ગુલાબ ભેડા

ઉંઝા જોડણીથી ઓળખાતી એક જ 'ઈ' 'ઉ'ની જોડણી સરળ હોવાના કારણે તેને રેશનાલીસ્ટોએ રેશનાલીસ્ટ જોડણી તરીકે સ્વીકારવી જોઈએ કે કેમ ? તેવા પ્રશ્નનો આ લખનારનો જવાબ સ્વાભાવીક રીતે હકારમાં જ હોઈને સમર્થન કરતો આ ત્રીજો અને છેલ્લો હપ્તો છે. હવે વધુ વીચારણા કે નીર્ણય રેશનાલીસ્ટોએ જ કરવાનો.

વીવેકપંથીના વાચકોને મારો એક અનુરોધ છે. કોઈપણ એક ગુજરાતી અખબાર હાથમાં લઈને સાથે લાલ બોલપેન રાખીને વાંચજો અને જ્યાં જ્યાં જોડણી ભુલ દેખાય, ત્યાં નીશાની કરતા જજો. મને ખાતરી છે કે તમે થાકી જશો. આજે કોઈ અખબાર એવું જોવા નથી મળતું જે જોડણીની બાબતમાં ચોક્કસ હોય.

મુંબઈમાં યશંવત દોશીની અધ્યક્ષતામાં જોડણી મંચ ચાલુ હતો (અને આ લખનાર મંચનો મંત્રી હતો) તે અરસામાં એક સમીતી સભ્ય – 'જન્મભુમી'ના તંત્રી કુન્દન વ્યાસ સાથે મારે તેમની ઓફીસે ચર્ચા થઈ હતી. મેં કુન્દનભાઈને પુછયું હતું,"જોડણીભુલ વીનાનું અખબાર જોવા મળે ખરું ?" એમનો જવાબ હતો "આજની તેજ ગતીમાં જોડણી અંગેની સભાનતા રાખી શકાય તેમ જ નથી. ક્યારેક કોઈક મદદનીશ જોડણીની ચોકસાઈ વીશે પુછવા આવે છે ત્યારે અમે પણ ગુંચવાઈ જઈએ છીએ. વારંવાર જોડણીકોશ તપાસવાનું આજે શકય જ નથી."

આનો સીધો અર્થ એ જ કે, અખબારી જગત કે જેનો લીખીત શબ્દ સાથે ઘેરો નાતો છે, ત્યાં શુધ્ધ જોડણીનો આગ્રહ પોશાય તેમ નથી. તો પછી સરળ જોડણી શા માટે નહી ?

હવે આપણે શીક્ષણ ક્ષેત્રની વાત લઈએ. એમાં પણ હું સ્વાનુભવ જ ટાંકીશ. જોડણીની ખરેખરી આપદા ગુજરાતી માધ્યમમાં ભણતા વીદ્યાર્થીઓને છે.

એક વીદ્યાર્થીના હસ્તાક્ષર ખરેખર હસતા એટલે કે મરોડદાર અને સારા છે. વીચારો સારા છે. લેખનશૈલી સુરેખ છે અને તેણે લખેલું બધું સાચું જ છે, જેના પરીણામે એને ૧૦૦માંથી ૯૫ થી ૯૮ માર્ક મળવા જોઈએ, પણ એની જોડણી કાચી હોવાના કારણે જોડણીના માર્ક કપાઈ જાય છે અને તેનો ક્રમ પાછળ ધકેલાઈ જાય છે. આ કોઈ કલ્પના ના હોતાં હકીકત છે. ગુજરાતી માધ્યમમાં ભણતા કોઈપણ વીદ્યાર્થીને પુછીને ખાતરી કરી શકો છો. વાસ્તવીકતાનો ખ્યાલ આપવા પુરતો જ એક સ્વાનુભવ અહીં ટાંકું છું.

મુંબઈ મહાનગરપાલીકા સંચાલીત ગુજરાતી માધ્યમની એક શાળામાં વીદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરવા જવાનું થયું હતું. મારો વીશય હતો 'જોડણી સુધારાની આવશ્યકતા'.

મેં ૮–૯ ધોરણના વીદ્યાર્થીઓને કહ્યું, "તમારામાં જે હોશીયારમાં હોશીયાર વીદ્યાર્થી હોય તે મંચ ઉપર આવે" એક વીદ્યાર્થીની આગળ આવી જે હોશીયાર હોવા વીશેની સર્વસંમતી જણાઈ આવી.

મેં એ વીદ્યાર્થીનીને ચોકસ્ટીક આપીને પુછયું,"હું કહુ તે ચાર ટુંકાં વાક્યો બ્લેકબોર્ડ ઉપર સાચાં લખી શકીશ ?" એણે કહ્યું 'હા'. મેં અમારા જમાનાના શીક્ષકો હ્સ્વ–દીર્ઘ બતાવતા જે રીતના સ્પશ્ટ ઉદ્ગારો કાઢતા હતા તે ઉદ્ગારો સાથે નીચેના ચાર વાક્યો તેની પાસે લખાવ્યાં.

"ફૂલ વિનાનું ફુલેકું ના હોય."

"વિજય ઉપર વીજળી પડી."

"ઊંટ ઉકરડેથી ઉતર્યું."

" આ તે ભૂલ કે ભુલભુલામણી?"

વાચકોને અહીં કહેવાનું કે સાર્થ જોડણીકોશના નીયમો પ્રમાણે તદન સાચી લખાયેલી એ જોડણીમાંહેની વીસંગતી પ્રથમ જુઓ, પછી આપણે આગળ ચાલીએ.

પેલી હોશીયાર વીદ્યાર્થીનીએ બ્લેકબોર્ડ ઉપર એ ચારે વાક્યો અક્ષરસઃ આ પ્રમાણે લખ્યાં હતાં.

"ફુલ વનાનું ફુલકુ ના હોય."

"વીજય ઉપર વીજળી પડી."

"ઉટ ઉકરડેથી ઉતરયું."

"આ તે ભુલ કે ભુલ ભુલામણી."

જુઓ એમાં ક્યાંય હ્સ્વ ઇ (િ) કે દીર્ઘ ઊ (ૂ) આવ્યું ? ના જ આવે, કારણકે વીદ્યાર્થીને તે વાપરવાં નથી ફાવતાં

મેં ત્યારબાદ સામે બેઠલા વીદ્યાર્થીઓને કહ્યું, "બહેને લખેલાં આ વાક્યોમાં કોઈને કંઈ ભુલ જણાતી

હોય તો તે આગળ આવીને સુધારે" એક વીદ્યાર્થી ત્યારે આગળ આવ્યો હતો અને તેણે માત્ર એક જ ભુલ સુધારી હતી. એણે ઉટનો ઉ જે હ્સ્વ હતો તેને દીર્ઘ કરીને ઊટ કર્યું હતું, પણ ઊ ઉપર અનુસ્વાર એણે પણ મુક્યો નહોતો. આ દશા છે આપણા ગુજરાતી માધ્યમની અને એ જ પ્રમાણે ગુજરાતી જોડણીની !

હવે હૈયે હાથ રાખીને આગળની વાત પણ સાંભળો. મેં ત્યાં ઉપસ્થીત શીક્ષીકાઓ સાથે ત્યારે જોડણીની આ દશા પર ચર્ચા કરી હતી, પણ આશ્ચર્ય એ જોવા મળ્યું હતું કે પેલી વીદ્યાર્થીનીએ જોડણીના વાળેલા દાટ બદલ એક પણ શીક્ષીકાને અચંબો થયો નહોતો. એ સૌએ અલબત્ત એક વાતની કબુલાત કરી હતી કે જોડણી તપાસવી એ એમના માટે સૌથી મોટું માથાદુખણ (હેડેક) છે.

અહીં ફરી ગાંધીને યાદ કરીએ. એમણે કોશીયો પણ સમજી શકે તેવી સરળ ભાશા ઝંખી હતી. શું જોડણીના જડ નીયમોએ ભાશાને સરળ રહેવા દીધી છે? સ્પશ્ટ જવાબ છે 'ના'. અને તેથી જ ગાંધીચીંધ્યા માર્ગે ગુજરાતી ભાશાને વાળવાનો શ્રેશ્ઠ અને સરળ માર્ગ એક જ છે અને તે માર્ગ છે એક જ ઇ દીર્ઘ અને એક જ ઉ હ્સ્વ.

પણ ગાંધીભક્તીના નામે પોતાની શીરજોરી ચલાવતા નાફેરવાદીઓ જીદ પર છે.

આ સંજોગોમાં નથી લાગતું કે રેશનાલીસ્ટોએ આ કામ ઉપાડી લેવું જોઇએ ? એક જ 'ઇ' અને એક જ 'ઉ' વાળી ઉઝા જોડણીને રેશનાલીસ્ટ જોડણી તરીકે સ્વીકારી લેવી જોઇએ ?

જેવી સરળ રેશનાલીસ્ટ જીવનશૈલી, તેવી જ સરળ રેશનાલીસ્ટ લેખન શૈલી. અસ્તુ.

મોરારીબાપુ જવાબ આપશે કે ?

સુવીખ્યાત પત્રકાર અને લેખક-ચીંતક નગીનદાસ સંઘવીએ વાલ્મીકી રામાયણ પર આધારીત પોતાના ગ્રંથ 'રામાયણની અંતરયાત્રા'માં લખ્યું છે કે, "રામ આટલા બધા મહાન રાજા હોય તો તેમના જમાનાના સીક્કાઓ, શીલાલેખો, તામ્રપત્રો કે નગરો આપણને મળ્યા નથી.... જો કુદરતી પ્રલયમાં આ બધું નાશ પામ્યું હોય તો તેવા વીનાશક ભુકંપ, જ્વાળામુખી કે પ્રલયપુરની નીશાનીઓ હોવી જોઇએ તે પણ નથી... વૈદીક સાહીત્યમાં રામકથા નથી, તેથી વાલ્મીકી જુની પરંપરાને આધારે લખી રહ્યા છે, એવું પણ કહી શકાય એમ નથી (પાના-૪૬)

વાલ્મીકીમાં રામના હાથે કે નામે પથરા તર્યાની બેવકુફ કથા નથી, વાલ્મીકીનો હનુમાન ઉડીને નહીં, પરંતુ દરીયો ડહોળીને - તરીને જાય છે. (પાના - ૫૧)

રામે નર્મદા નદી પાર કર્યાનો ઉલ્લેખ વાલ્મીકીમાં નથી. જુની તમામ પોથીઓમાં પંચવટીની નજીકથી વહેતી નદીનું નામ ગોદાવરી નથી, પણ મંદાકીની છે... નાસીક પંચવટી દેખાડવામાં આવે છે તે નર્યું ગપ્પું છે. (પાના - ૫૩)

વાલ્મીકીનો રામ શીવભક્ત નથી અને રામેશ્વરના શીવલીંગની સ્થાપના અંગે વાલ્મીકીમાં તો અક્ષર પણ લખાયો નથી. (પાના-૫૮)

આ સંજોગોમાં મોરારીબાપુને પ્રથમ પ્રશ્ન એ છે કે રામના સમકાલીન એવા વાલ્મીકીની વાતો સાચી માનવી કે માત્ર ૬૦૦ વર્શ પહેલાં થઇ ગયેલા તુલસીદાસજીના રામચરીત માનસની ?

બીજો પ્રશ્ન એ છે કે દરીયાના પાણીમાં આજે પણ રામસેતુના અવશેશોનું અસ્તીત્વ હોય તો ધરતી ઉપર રામ અને દશરથના મહેલોનું અસ્તીત્વ કેમ નથી? વળી રાવણની લંકા તો અયોધ્યા કરતાં અનેકગણી સમૃધ્ધ હોવાનું લખાયું છે એ સંજોગોમાં શ્રીલંકામાં આજે રાવણનો મહેલ, અશોકવાટીકા આદીના અવશેશો તો હોવાં જ જોઇએ તે કેમ નથી ?

ત્રીજો પ્રશ્ન એ છે કે માત્ર પાંચ હજાર વર્શ પુરાણા મોહનજોદડો અને હડપ્પન સંસ્કૃતીના અવશેશો જો ધરતીના પેટાળમાંથી નીકળતા હોય તો કહેવાતા લાખો વર્શ પહેલાં ત્રેતાયુગમાં થઇ ગયેલા રામના સમયની અયોધ્યા, પંચવટી, રામેશ્વર અને રામસેતુ આદીના અવશેશો ધરતીની ઉપર કેવી રીતે હોઇ શકે ?

આશા છે કે ગુજરાતના વરીશ્ઠ રેશનાલીસ્ટ પ્રા. રમણ પાઠકના સંપર્કમાં આવ્યા પછી બારડોલીની રામકથામાં રેશનલ વાણી વહેવડાવનાર સંત શીરોમણી મોરારીબાપુ આજે રામસેતુ વીશે પણ રેશનલ વીચારો રજુ કરી હીંદુ સમાજને સાચું માર્ગદર્શન અવશ્ય આપશે.

- સીદ્ધાર્થ શાક્ય

હરિનગર-૧, ઉધના, સુરત

સૃશ્ટીનું સર્જન કોઈ હેતુ માટે થયું નથી

–ધવલ મહેતા

આ સૃશ્ટીનું સર્જન માણસ જાત અથવા જીવંત પદાર્થ જન્માવવા કે પોશવા માટે થયું નથી. સૃશ્ટીનો પોતાનો કોઈ હેતુ નથી. સ્ટીબન્ડ વાઈનબર્ગ નામના પદાર્થશાસ્ત્રી તેમના "ધ ફર્સ્ટ પ્રીમીનીટસ" માં સૃશ્ટીના સર્જનની પ્રથમ ત્રણ મીનીટસમાં શું થયું તે વીશે લખતાં જણાવે છે કે "જેમ જેમ આપણે બ્રહ્માંડ વીશે વધુ સમજ મેળવતા જઈએ છીએ તેમ તેમ લાગે છે કે આ સૃશ્ટીનો કે બ્રહ્માંડનો કોઈ હેતુ (પ્રયોજન) નથી. બ્રહ્માંડ માટે તેઓ "પોઈન્ટલેસ" એટલે કે "અર્થ વીનાનું" શબ્દ વાપરે છે. આનો જવાબ આપતા ધાર્મીકો જણાવે છે કે સૃશ્ટીનું સર્જન અર્થપુર્ણ, કે અર્થહીન છે તે વીશે વીધાન કરવાનો વીજ્ઞાનીઓને કોઈ અધીકાર નથી. તે અધીકાર માત્ર આધ્યાત્મવાદીઓને છે. આધ્યાત્મવાદીઓ કોઈ જ સાબીતી વીના એમ જણાવે છે કે સૃશ્ટીનું સર્જન સહેતુક છે અને માનવજાતની સાર્થકતા ઈશ્વરની ભક્તી (પ્રાર્થના, બંદગી, નમાજ, પુજા વગેરેમાં રહેલી છે. આ જ્ઞાન તેમને અંતઃચક્ષુ દ્વારા પ્રાપ્ત થયું હોવાનો તેઓ દાવો કરે છે.

આની સામે વૈજ્ઞાનીકોએ સૃશ્ટીની કામગીરીનો ઉંડો અભ્યાસ કરીને ગુરુત્વાકર્શણના ઈલેક્ટ્રો–મેગ્નેટીઝમના, તથા જેને સ્ટ્રોંગ અને વીક ફોર્સીઝ ગણાય એવા ચાર મુખ્ય પરીબળો (નીયમો) ખોળી કાઢયા છે જે ઓછામાં ઓછા પૃથ્વી પર તો દરેક કણને પ્રભાવીત કરે જ છે. હજી બીજા પરીબળો પણ ખોળાશે કારણ કે આધુનીક વીજ્ઞાન હજી ચારસો–પાંચસો વર્શ જ જુનું છે. ગુરુત્વાકર્શણના સીધ્ધાંતને ખોળી કાઢનાર ન્યુટનનો જન્મ ૧૬૪૨માં થયો હતો. એટલે માત્ર ૩૫૦ થી ૪૦૦ વર્શ પહેલાં જ થયો હતો. આની સામે ધર્મ હજારો વર્શો જુનો છે. અને છતાં તેણે એકપણ કુદરતી નીયમ ખોળ્યો નથી.

વળી જીવંત સૃશ્ટીનો ઉંડો અભ્યાસ કર્યા બાદ ચાર્લ્સ ડાર્વીને ઉત્ક્રાંતીનો સીધ્ધાંત ખોળી કાઢયો છે. આ નીયમ પ્રમાણે ઉત્ક્રાંતી "ચાન્સનું" પરીણામ છે. ઉત્ક્રાંતીનો હેતું કાંઈ માનવજાતને ઉત્પન્ન કરવાનો ન હતો. અનેક આકસ્મીક ઘટનાઓ અને "ચાન્સ"ને પરીણામે કરોડો વર્શોની ઉત્ક્રાંતી પછી આ સૃશ્ટી પર જીંવત સૃશ્ટીનો જન્મ થયો છે. જે કરોડો પ્રજાતીઓ વાતાવરણને અનુકુળ ના થઈ શકી તે નાશ પામી. માનવજાત એવા કુદરતી બળોનું પરીણામ છે, જેમને ખબર ન હતી, કે તેઓ માનવજાતને અથવા જીવંત સૃશ્ટીને ઉભી કરી રહ્યા છે.

અણુ પરમાણુના સંયોજનને પરીણામે જીવંત સૃશ્ટી ઉભી થઈ છે. છેવટે જ્યારે સૂર્યમાળાનો નાશ થશે ત્યારે આ પૃથ્વી પરની તમામ જીવંત સૃશ્ટીનો પણ નાશ થશે. માનવજાતની આશાઓ, અરમાનો, અપેક્ષાઓ, સ્વજન, સ્નેહ વગેરેનો પણ નાશ થશે ફીલોસોફર બર્ટ્રાન્ડ રસેલ લખે છે કે જે ફીલોસોફીમાં અંતીમ વાસ્તવીકતા (જે કડવું સત્ય છે)નો અસ્વીકાર કરશે તે ટકી શકશે નહી.

ફાયનલ કોઝ : વીજ્ઞાન આપણી આશાઓ અને આકાંક્ષાઓનું ભ્રમનીરસન કરે છે તેથી સામાન્ય માનવી અને ખાસ કરીને ધર્મગુરુઓ વીજ્ઞાન માટે નારાજ છે. વીજ્ઞાન સૃશ્ટીમાંથી "દીવ્યતા"નો એકડો કાઢી નાખે છે. ધાર્મીકો સૃશ્ટીમાં ભગવાનના હેતુનું આરોપણ કરે છે. ઘણા વર્શો સુધી કાર્યકારણની પધ્ધતી સમજાવવામાં ગ્રીકચીંતક એરીસ્ટોટલનું પ્રભુત્વ રહ્યુ. પથ્થરને હવામાં ઉછાળીએ તો કેમ નીચે પડે છે? એરીસ્ટોટલે કહ્યું કે પથ્થર ઉંચે ગયા પછી આરામ કરવા માગે છે (સ્ટેટ ઓફ રેસ્ટ) તેથી નીચે પડે છે. આનો અર્થ એ કે પથ્થરને પોતાનો હેતુ છે અને પથ્થરને ઇચ્છાશક્તી છે. પથ્થર તેના ગંતવ્ય સ્થાન તરફ જવા આતુર છે. આ પ્રકારના કાર્યકારણના સંબંધને "ફાયનલ કોઝ" કહે છે. જેમાં પદાર્થની ઇચ્છાશક્તી કે ધ્યેય દ્વારા બનાવને સમજાવવામાં આવે છે.

તેજ રીતે સૃશ્ટીમાં પણ પોતાની ઇચ્છાશક્તીકે પ્રયોજન છે તેમ મનાતું. હવે આ પ્રકારના ખોટા રીઝનીંગને ટેલીઓલોજીકલ રીઝનીંગ પણ કહેવામાં આવે છે. વૈજ્ઞાનીકો "ફાયનલ કોઝ"માં નહી પણ "એફીસીઅન્ટ કોઝ" માં માને છે જેમાંથી હેતુ કે ધ્યેયની બાદબાકી કરવમાં આવે છે. દા.ત. ધાર્મીકો એવું માને છે કે વરસાદ એટલા માટે પડે છે કે જેથી ધન, ધાન્ય, ફળ ફુલ પાકે અને જીવંત સૃશ્ટીનું પોશણ થાય.

વૈજ્ઞાનીકો વરસાદ પડયાના ભૌતીક કારણો (વરાળ, ભેજ, બાશ્પીભવન, હવાનું દબાણ, પવનની ઝડપ, વાતાવરણમાં ઠંડક, ગરમી, વગેરે) આપે છે. તેમાં વરસાદના પ્રયોજનનો સમાવેશ થતો નથી. ફળ ફુલ કે ધનધાન્ય વરસાદ પડવાથી અલબત્ત પાકે છે, પરંતુ તે વરસાદ પડવાનું પરીણામ છે, કારણ નથી. વરસાદનું કે પૃથ્વીના અન્ય ભૌતીક પદાર્થનું સજીવારોપણ કરવામાં વીજ્ઞાન માનતું નથી.

વીશ્વના ઘટકો: વીશ્વના ઘટકો (કોન્સ્ટીટયુઅન્સ) માંથી આ સમસ્ત સૃશ્ટી અને પૃથ્વી પરના જીવંત પદાર્થો ઉભા થયા છે. તેમાં અલૌકીક તત્ત્વ નથી. ભૌતીક પદાર્થો (જેમ કે તાબું, લોખંડ,હવા, મેગ્નેશીયમ, પોટેશીયમ) માં કોઈ સંવેદનશીલતા કે લાગણી વૈજ્ઞાનીકોને જણાયા નથી. વળી પાણી જીવનદાતા છે. પણ તેનામાં કોઈ સંવેદન નથી. તે હાયડ્રોજનના એ પરમાણુ અને ઓકસીજનના એક પરમાણુના સંયોજનથી બને છે. તે આપોઆપ બને છે. તે બનવા માટે કોઈના હુકમની જરુર નથી. તે સ્વયંસીદ્ધ છે.

પાણી જીવંત પદાર્થ માટે ઉભું થયું નથી. પાણી રાસાયણીક સંયોજનને પરીણામે બન્યું છે. અને તેના ઘટકો પૃથ્વી પર હતા તેથી તે બન્યું છે અને તે બન્યું તેથી જીવંત પદાર્થોની ઉત્ક્રાંતી થઈ છે. આમ પાણી બનવા પાછળ પ્રકૃતીનો કોઈ હેતુ નહતો. અલબત્ત સૃશ્ટીના કોઈપણ જડ પદાર્થનો હેતુ હોતો નથી. હેતુ માત્ર જીવંત પદાર્થનો જ હોઈ શકે. દરેક જીવંત પદાર્થની જરુરીયાત "સર્વાઈલ અને રીપ્રોડકશન"ની છે.

ઉપસંહાર : આપણું શરીર યા સૃશ્ટીના ઘટકોથી ઘડાયું છે. જો સૃશ્ટી પર કોઈ જીવંત પદાર્થ હોત જ નહી તો સૃશ્ટીને જોઈ કે અનુભવી શકાત જ નહી. આપણે જીવીએ છીએ તેથી સૃશ્ટીને જોઈ તથા અનુભવી શકીએ છીએ. બેકટેરીયા, એમીબા કે પોપટને આ દુનીયા જુદી જ રીતે અનુભવાતી હોય છે પરંતુ તેનો અર્થ એવો નથી કે આ સૃશ્ટીનો અનુભવ જીવંત પદાર્થના મનમાં જ રહેલો છે. સૃશ્ટી અને તેના પદાર્થો એક વાસ્તવીક હકીકત છે, તે આભાસ નથી. સૃશ્ટીમાં કરોડો જીવંત પદાર્થો છે જેનો હેતુ "સર્વાઈવલ અને રીપ્રોડકશન"નો છે. દરેક માનવ પણ "સર્વાઈવલ અને રીપ્રોડકશન" ઉપરાંત પોતાના જીવનના હેતુ ઘડી શકે છે અને તેની શક્તીનો વીકાસ કરી શકે છે. ધાર્મીકો કહે છે કે આ અત્યંત દુર્લભ માનવજીવન પ્રભુભક્તી માટે પ્રાપ્ત થયું છે તે તેમના મનની કલ્પના (અને તરકટ) છે. વીજ્ઞાને ફાયનલ કોઝેશનને તેની કાર્યકારણની શ્રુંખલામાંથી રદ કર્યું છે. ભલે આપણને નક્કર વાસતવીકતા ના ગમે પણ હેતુવીહીન સૃશ્ટીની કડવી વાસ્તવીકતા સ્વીકારવી પડશે.

ઉમદા આતીથ્ય અને ખુશનુમા હવામાનના કારણે પાલનપુર અધીવેશન આહ્લાદક બની રહ્યું

તા. ૨૪-૨૫ નવેમ્બરનું પાલનપુર ખાતે મળેલું રાશ્ટ્રીય સ્તરનું અધીવેશન ખરેખર આહ્લાદક રહ્યું તેમ બે કારણોસર કહી શકાય. ૧. અતીશય એટલે કે મહેમાનોની સગવડ અને વ્યવસ્થા ખુબ જ સારી રીતે જળવાઈ હતી. નાના કે મોટા કોઈપણ પ્રતીનીધીને અગવડ પડવાની કોઈ ફરીયાદ સાંભળવા મળી નથી. આ માટે ગીરીશ સુંઢીયા અને મુકુન્દ સીંધવની સ્વયંસેવકોની ટીમને ધન્યવાદ ઘટે છે. તો ભોજનવ્યવસ્થા પણ ખુબ જ સુંદર રહી. સાદું છતાં સ્વાદીશ્ટ ભોજન અને અલ્પાહાર દરેક ટંકે સમયસર તૈયાર રહેતું હતું. ભોજનની ઢીલના કારણે કોઈ બેઠક મોડી થયાનું નોંધાયું નથી.

સાંભળવા પ્રમાણે ધંધાદારી કેટરરને પુછતાં એણે એંકદર ખર્ચ ૮૦ હજાર જેટલો બતાવ્યો હતો તેની સામે રશ્મીબેન કારીઆએ જવાબદારી સંભાળી લેતાં રુ. ૩૫ હજાર જેટલો બચાવ થયો હતો. નીરંજન ગાંધી સહીત રસોડા ખાતાના તમામ કાર્યકારો પણ આમ ધન્યવાદના અધીકારી બને છે.

૨. ઠંડીમાં થથરી જવાની બીક પણ ઉડી ગઈ હતી. વાતાવરણ એટલું ખુશનુમા હતું કે દરેક પ્રતીનીધીના ચહેરા પર તાજગી અને તનમાં સ્ફુર્તી વર્તાતી હતી.

પરપ્રાંતીય પ્રતીનીધીઓની બહોળી હાજરીની અપેક્ષાએ હાજરી જરા પાંખી રહી, તેની સામે ગુજરાતના પ્રતીનીધીઓએ બહોળી સંખ્યામાં હાજર થઈને સભાગાર ભરી દીધો હતો.

આપણે પરપ્રાંતમાં જતા-આવતા હોઈએ તો પરપ્રાંતીઓને આપણે ત્યાં પણ બોલાવવા એ રાખ-રખાતનો વહેવાર કહેવાય, જે આપણે બરાબર જાળવ્યાનો સંતોશ આ અધીવેશનમાં મેળવી શકાયો એમ જરુરર કહી શકાય. પરપ્રાંતીય પ્રતીનીધીઓનાં માન અને મહત્વ પણ બરાબર જળવાયાં એમ પણ જરુર કહી શકાય.

એકંદરે રાશ્ટ્રીય સ્તરનું આપણું આ પ્રથમ અધીવેશન નીશંકપણે એક સરસ કાર્યક્રમ બની રહ્યો.

(અંક ખુબ જ ઉતાવળે તૈયાર કરવો પડયો હોઈને સવીસતર અહેવાલ આવતા અંકે)

વીવેકપંથી ૬૮ નવેમ્બર ૨૦૦૭

તંત્રીની કલમે

મૃત્યુનો ભય અને સેક્સની ભડક ઉચાટમાં રાખતા બે પરીબળો

મૃત્યુની વાત આવે અને સેક્સપીયર સાંભરે નહી તો જ નવાઇ – રેશલીસ્ટો માટે તો ખાસ.

ઝેર અપાયા પછી સોક્રેટીસના મૃત્યુની ઘડી સમીપ આવી રહી હતી ત્યારે રોતા–કકળતા અનુયાયીઓને એણે કહ્યું હતું, "મૃત્યુનો ડર રખાય નહી, એના તો સ્વાગતની જ તૈયારી કરાય." સોક્રેટીસ મૃત્યુની ક્ષણ સુધી વીચલીત થયો નહોતો, બલ્કે તટસ્થ અને સ્વસ્થ રહીને આવી રહેલા મૃત્યુનું એણે નીરીક્ષણ કર્યું હતું, મૃત્યુને વધાવ્યું હતું.

મૃત્યુનું તત્ત્વજ્ઞાન ચર્ચતી વખતે તો બુધ–અબુધ આપણે સૌ મૃત્યુની નીશ્ચીતતા દર્શાવતી સુફીયાણી વાતો કરીએ છીએ, જેમ કે 'મૃત્યુ તો જન્મની સાથે જ જોડાયેલું છે.' 'આવ્યા એમણે જવાનું જ છે', 'મોત કોઇને છોડતું નથી', 'ચોથની પાંચમ્ થવાની જ નથી', 'નામ તેનો નાશ', 'સૌએ એક દી' ચાલ્યા જવાનું છે તો મારી–તારીની મમત શા માટે ?' 'માણસ મરી જાય છે, પણ તેના કર્મો રહી જાય છે' વગેરે. પણ એ સુવર્ણ સુત્રોનું રટણ મૃત્યુ નજીક દેખાય ત્યારે કંઇ કામ લાગતું નથી.

કોઇપણ ઉમરે માણસને મરવાનું મન થતું નથી. 'આ આટલું ઉકલી જાય, પછી મોત ભલે કાલ આવતું હોય તો આજે આવે' એમ કહેતા તો રહીએ છીએ, પણ મોત ક્યાં 'આ આટલું ઉકલ્યા'ની રાહ જુએ છે!

રજનીશનું જ્ઞાન અહીં કામનું કહેવાય. 'હજી ૨૦૦ વર્શ જીવવું છે – કદાચ કામ તો છતાંય પુરું નહી થાય, પણ જો મૃત્યુ વહેલું આવવાનું હોય તો આ ક્ષણે જ તૈયાર છું – કરવાનું બધું થઇ ગયું છે.'

રેશનાલીસ્ટ માન્યતામાં જન્મથી પ્રારંભાતું જીવન મૃત્યુથી પુરું થઇ જાય છે. એની આગળ કે પાછળ કંઇ જ નથી. આથી પુર્વજન્મ કે પુન:જન્મની પળોજણમાંથી મુક્ત થઇને આપણે હળવાફુલ થઇ ગયાં છીએ. એ જ રીતે મૃત્યુનો ભય પણ છાને ખુણે રહી ગયો હોય તો તેને ખંખેરી નાખીને સાંગોપાંગ મુક્ત અને હળવા થઇ શકીએ.

અને તેથી જ કહેવાનું પર્યાપ્ત થાય છે કે કોઇપણ ઘડીએ આવી મળનારા મૃત્યુને વધાવવાની પુર્ણ તૈયારી સાથે જીવનને સફળ, સુઘડ, સ્વસ્થ અને સુગંધી બનાવીએ. જીવનનો અંત પણ ઉજવી શકીએ તે રીતે જીવીએ.

★

માણસને આજીવન ઉચાટમાં રાખતું બીજું કોઇ વ્યાપક પરીબળ હોય તો તે છે સ્ત્રી–પુરુશ વચ્ચેનો જાતીય સંબંધ, અર્થાત્–સેક્સ

સેક્સના વીચારને આપણે ખોટે ખીલે બાંધી દીધો છે. ધોરણસર તો સેક્સ માણવાનો અધીકાર આપણે પતી–પત્ની વચ્ચે જ સીમીત રાખ્યો છે. એ સીવાય સેક્સ માણવાનો પરવાનો નથી. જો કે વગર પરવાને પણ વ્યવહાર તો થતો હશે, પણ તેમાં પકડાઇ ના જવાય તેની તકેદારી રાખવી પડતી હશે. જો એમ હોય તો પ્રશ્ન એ થવો જોઇએ કે એમ શા માટે હોવું જોઇએ ?

અહીં મોટામાં મોટી નડતર છે, લગ્નસંબંધ અંગે પ્રવર્તતી ભયંકર ગેરસમજણની. આપણે એ છેક જ ભુલી ગયા છીએ કે સેક્સ કુદરતી છે, લગ્ન કુદરતી નથી. એ માણસ જાતે – હા ફક્ત માણસ જાતે જ ઉભી કરેલી વ્યવસ્થામાત્ર છે. તેમાં વળી પંડીતોએ એના પર પવીત્રતાનું આવરણ ચઢાવી દીધું છે.

લગ્ન થતાંની સાથે જ પતી અને પત્ની માલીકીભાવમાં સરી પડે છે. પતી પર પત્નીનો અને પત્ની પર પતીનો માલીકીહક થોપાઇ જાય છે. અન્યને તો ત્યાં આંખ માંડવાનો પણ અધીકાર રહેતો નથી. પણ માણસની કુદરતી

વૃત્તી–સાહજીક વૃત્તી શું એ બંધનને સર્વથા સ્વીકારે છે ? આ પ્રશ્નનો હા કે નામાં નીખાલસ જવાબ કોણ આપી શકે ? જાતીય આકર્શણ તો સાવ સાહજીક છે, જેને ખોટા ખાનામાં ગોઠવીને માણસ નાહક દુખી થઈ રહ્યો છે, ઉચાટમાં જીવી રહ્યો છે.

રજનીકુમાર પંડયાએ સંદેશ પ્રકાશનના સામાયીક 'લવસ્ટોરી'માં માત્ર બે હપ્તા પુરતી જ એક ચર્ચા કરી હતી અને ફેબ્રુઆરી ૧૯૯૭માં લગ્નેતર સંબંધોના શીર્શકે ૨૦૨ પાનાંનું એક અદભુત પુસ્તક લખ્યું હતું. પુસ્તકની પ્રસ્તાવનામાંહેના એમના જ આ શબ્દો જુઓ. 'બે હપ્તામાં પુરી કરવા ધારેલી લેખમાળા દસ હપ્તા સુધી લખાઈ ગઈ. વાચકોએ એમાં (ચર્ચામાં) સામેલ થવા રીતસરનો ધસારો કર્યો, જેમાં કુંવારી, પરીણીત કે વીધવા બધી જ જાતની મહીલાઓ પણ સામેલ થઈ. લેખમાળા ૨૦–૧૨–૮૨ થી ૪–૪–૮૩ સુધી ચાલુ રહી, પછી મેં એનું ફાટક વાસી દીધું. નહી તો વર્શો લગી ચાલ્યા કરત એટલો બધો વાચકોનો ધસારો હતો.'

આ એમ સુચવે છે કે જાતીય સંબંધ–લગ્નયુક્ત કે લગ્નેતર સંબંધ –સદાય સર્વસામાન્ય ચર્ચાનો અને રસનો વીશય રહેતો આવ્યો છે અને એ જ કુદરતી ક્રમ છે. તો પછી એમાં મુક્ત જ કાં ન રહેવું ! મુક્ત પ્રેમ સામે વહેમ ટકી શકતો નથી અને મુક્ત સેક્સ બુધ્ધીમાનોનો વીશય છે.

રેશનાલીઝમ તો કહે છે, 'સમવીચારની બે વીજાતીય વ્યક્તીઓ પરસ્પર સંમતી અને સમજુતીથી મુક્ત શરીરસંબંધ બાંધે તેમાં કંઈ જ ખોટું નથી. સેક્સ તો આનંદની પરાકાશ્ઠા છે. ગુણવંત શાહ જેવા ચીંતક પણ આ વીચારનું સમર્થન કરે છે. પ્રેમની જેમ સેક્સ પણ મુક્ત હોય તો બીનજરુરી તેવા અનેક પ્રકારના ઉચાટથી માણસ મુક્ત થઈ જાય. બળાત્કારના બનાવો રોજબરોજ વાંચવામાંથી પણ તો મુક્તી મળી જાય. સેક્સ બે વ્યક્તી વચ્ચેનો મૌલીક અને સર્વથા સ્વતંત્ર વ્યવહાર છે. એમાં હસ્તક્ષેપ કરવાનો અધીકાર ત્રીજા કોઈને પણ હોઈ શકે નહી – પતી કે પત્નીને પણ નહી.

નથી લાગતું કે જીવનમાં સુખી– સુખી થઈ જવા માટે મૃત્યુનો ભય અને સેક્સની ભડક વહેલામાં વહેલાં તજવાં જોઈએ ? રેશનાલીસ્ટો જ જો આ નહી સમજે તો કોણ સમજશે ?

સલામત અને મહત્તમ જાતીય આનંદ માણો

કોઈપણ પ્રકારના સંદર્ભ વીના સ્ત્રી અને પુરુશના થયેલા અભ્યાસો એવું સુચવે છે કે દરેક વ્યક્તીએ સલામત અને મહત્તમ જાતીય આનંદ માણવો જોઈએ.

આમ કરવાથી એની શારીરીક, બૌદ્ધીક અને સંવેદનશીલતા શક્તી અને સમતુલા વધે છે.

જ્ઞાતી, જાતી, ઉમર, વીજાતીયતા, એક પત્ની/પતીવ્રત, ધર્મ જેવા અનેક કૃત્રીમ વીદનોને માનવજાત જેટલાં હરાવશે એટલો આનંદ નીર્ભેળ, સલામત, મહત્તમ આવશે, એવું આ અભ્યાસીઓ સુચવે છે.

આ પ્રકારના અભ્યાસોની વીશ્વસનીયતા તપાસીને રેશનાલીસ્ટોએ આ બાબતમાં ખુલ્લા મને ચર્ચા કરવી જોઈએ.

["સત્યાન્વેશણ" રાશ્ટ્રીય અધીવેશન વીશેશાંકમાંથી]

વીચાર લાલીત્ય

રેશનલીઝમને સમજવામાં "ઈશ્વરનો ઈન્કાર" મુદ્દો એટલો અહમ્ બની બેઠો છે કે એ તબક્કે પહોંચાડતાં બીજાં ઘણાં પગથીયાં (ખ્યાલો, મુદ્દાઓ) છે એને ચર્ચામાં સ્થાન જ નથી મળ્યું

– કીરણ ત્રીવેદી

જાથા ની પ્રવૃત્તીઓ

તારાપુરના તાંત્રીક ઉસ્માન બાપુનો પર્દાફાશ

ચોટીલા બસ સ્ટેન્ડ પાસે રહેતાં સમીમબેન અને તેમના પતી હનીફભાઈ પીંજારાએ રાજકોટ જાથા કાર્યાલય પર આવીને ફરીયાદ કરી કે એમની પુત્રવધુ સાયરાને ત્રણ–ચાર કસુવાવડ થઈ જતાં તેઓ તારાપુર ઉસ્માનબાપુ પાસે ગયા હતા. બાપુએ દેવોની નડતરનો ભ્રમ બંધાવીને કટકે કટકે વીસેક હજાર રુપીયા પડાવ્યા હતા અને હવે પછી કસુવાવડ નહી થાય તેવી ખાતરી સાથે ઘરમાં એક–બેનાં જીવ જવાની ધાસ્તી બતાવી તેના બચાવ અર્થેની વીધી કરવા માટે રુપીયા અઢી લાખની માગણી કરી હતી. પીરની દરગાહ બતાવવા માટે આ બાપુ ઘરમાં લીલાં કપડાં ઉપરાંત તલવાર, તાવીજ, મંત્રેલા દોરા–પાણી રાખતા હતા.

અઢી લાખની માગણી સાચી હોવાની ખાતરી કરવા માટે જયંત પંડયાએ ત્યાંથી જ મોબાઈલ ઉપર તેમની બાપુ સાથે વાત કરાવી હતી, જેમાં વાત સાચી ઠરી હતી.

બાદમાં પંડયાના વડપણ હેઠળ સાયરાબેન, મહેબુબભાઈ, હનીફભાઈ અને હમીદભાઈ સાથે જાથાના ભરત વાળા, વીજય આશીયાણી અને રાજુ ગઢવી તારાપુર પહોંચ્યા હતા. સાથે અઢી લાખનું બનાવટી બોક્સ લઈ જઈને બાપુને તે લેવા માટે વૃન્દાવન હોટલ બોલાવ્યા હતા, સાથે પોલીસ પણ રાખી હતી.

નાટકીય સંવાદો બાદ અઢી લાખનું બોક્સ સ્વીકારતાં બાપુ રંગે હાથ પકડાઈ ગયા હતા. પોલીસે તેની રીમાન્ડ માંગી છે. સ્થાનીકોના જણાવ્યા પ્રમાણે આશરે પાંચ હજાર લોકોને ફસાવીને બાપુએ લાખો રુપીયા પેદા કર્યા હતા અને પારકા ખેતરોમાં પોતાનો પાક પણ લણતા હતા. જાથાનો આ ૬૩૩મો પર્દાફાશ હતો.

બળાત્કારી સ્વામીનારાયણી સાધુઓને જેર કરવાની માંગણી

અમદાવાદની એક બેરોજગાર યુવતીને ગઢડા સ્વામીનારાયણ ગુરુકુળ સંચાલીત પી.ટી.સી. કોલેજમાં નોકરીએ રાખવાની લાલચ આપી મુકુન્દ સ્વામી અને અન્ય બે સાધુઓએ તેના પર સામુહીક બળાત્કાર કરી યુવતીને પીંખી નાખી હતી, જેની પોલીસ ફરીયાદ પણ રફેદફે થઈ ગઈ હતી.

અમરેલી જીલ્લાની માવજીંજવા ગામની પટેલ યુવતી સાથે બનાવટી લગ્ન કરાવી કેશોદ પાસેના પંચાળા સ્વામીનારાયણ મંદીરના પાંચ સાધુઓ – કેશવસ્વામી, હરીસ્વરુપ સ્વામી, ભંડારી સ્વામી, ઘનશ્યામ સ્વામી અને શાસ્ત્રી સ્વામીએ સામુહીક બળાત્કાર કરી યુવતીને ગર્ભ રાખી દીધાની ફરીયાદ દાખલ થઈ છે.

જાથાએ પંચાળા ગામમાં બળાત્કારી સાધુઓ સામે વીરોધી દેખાવો કરતાં તેઓ ફરાર થઈ ગયા છે. ભાવનગર, અમરેલી અને જુનાગઢના કલેકટરોને આવેદનપત્ર આપીને જાથાએ આવા સાધુઓના ભગવા ઉતારીને તેમની હકાલપટ્ટી કરવાની માગણી કરી છે

૩૧૨૫મો પ્રયોગ મુંબઈમાં

મુંબઈ લુડવા પાટીદાર સમાજના ઉપક્રમે કચ્છી પરીવારોમાં અંધશ્રધ્ધાનીવારણ અર્થે જાથાએ 'ચમત્કારથી ચેતો' કાર્યક્રમ ભરચક મેદની વચ્ચે સફળતાથી પાર પાડયો.

અધ્યક્ષ જયંત પંડયાએ પોતાના પ્રવચનમાં કહ્યું, "અવકાશમાં ગતીનીયમન કરતા ગ્રહો ઢેફાં છે, જે માનવજાતને નડતા નથી. પીતૃ પણ નડતા નથી. ભુત, પ્રેત, જીન્નાત, મામો જેવી મેલી વીદ્યાનું અસ્તીત્વ જ નથી. લેભાગુઓએ ઉભાં કરેલાં એ ભ્રામક તીકડમ જ છે. શની ૧,૨૦,૫૩૬ કીલોમીટરનો વ્યાસ ધરાવતો જંગી ગ્રહ મુખ્યત્વે હાઈડ્રોજન વડે રચાયો છે. આ ગ્રહને આશરે ૩૦૦૦ વલયો છે અને તે ૯,૬૦,૦૦૦ કીલોમીટરનો વ્યાસ ધરાવે છે. વલયોનો એવો વીશાળ પટ્ટો ૧.૫ કીલોમીટર જાડો છે.

આજ પ્રમાણે એમણે સુર્ય અને અન્ય ગ્રહોની વીસ્તૃત માહીતી આપીને સમજાવ્યું હતું કે આ બધી વાસ્તવીકતાઓ કેવળ વૈજ્ઞાનીક અભીગમથી જ જાણી શકાય છે, વહેમોથી નહી.

લોકોએ જીજ્ઞાસાપોશક સવાલો પણ પુછયા હતા. આ આયોજન કચ્છી સમાજની વાડીમાં અરવીંદભાઈ પટેલ, કેશુભાઈ પટેલ, મણીલાલ ધળું અને જયંતભાઈ પટેલની દેખરેખ હેઠળ પાર પડયો હતો. જાથાનો આ ૩૧૨૫મો સ્ટેજ શો હતો.

સંપર્ક: ભારત જન વીજ્ઞાન જાથા, જાથા ભવન,
૪, ભીલવાસ, રાજકોટ – ૩૬૦૦૦૧
ફોન ૦૨૮૧ – ૨૪૪૩૩૫૬, મો. ૯૮૨૫૨૧૬૬૮૯

કાળી ચૌદશે ચમત્કારોથી ચેતો કાર્યક્રમ દ્વારા ગ્રામજનોની અંધશ્રધ્ધા હટાવી

અખીલ ભારતીય વીજ્ઞાનવાદી પરીશદ દ્વારા સફળ પ્રયાસ

તા. ૮-૧૧-૨૦૦૭ ગુરુવારના રોજ કાળી ચૌદશ નીમીત્તે અખીલ ભારતીય વીજ્ઞાનવાદી પરીશદ દ્વારા રાજકોટ તાલુકાના ત્રંબા (કસ્તુરબા ધામ) મુકામે 'ચમત્કારોનો પર્દાફાશ'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું ઉદઘાટન ત્રંબાના અગ્રણી મુળજીબાઈ ખુટે કર્યું હતું. આ કાર્યક્રમમાં પાણીથી દીવો પ્રગટાવવો, અદ્રશ્ય પ્રસાદ લાવવો, મનની વાત કહેવી, આંખે પાટો બાંધી બોર્ડમાં લખેલી સંખ્યા કહી દેવી જેવા આશ્ચર્યચકીત કાર્યક્રમો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો, આગેવાનો ઉપસ્થીત રહ્યા હતા. કાર્યક્રમ પુરો થયે, રાતના બાર કલાકે ગામના સ્મશાનમાં જીવંત વ્યકતીની નનામી કાઢીને ગ્રામજનોમાં રહેલા ભયને દુર કરવા ગામના સ્મશાને કકળાટના વડા, મૃતકના ખાટલે બેસીને ખાવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અને આ પ્રસંગે ડો. એન. કે. ઈન્દ્રાયન (અધ્યક્ષ - કાયદા ભવન સૌ. યુની.) એ અનુરુપ વક્તવ્ય આપ્યું હતું. ગ્રામજનોએ અંધશ્રધ્ધા વીરુધ્ધમાં આ અભીયાનમાં અમુલ્ય ફાળો આપ્યો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ જયેન્દ્રસીંહ રાણા તેમ જ રાજેન્દ્ર ઠાકર, કીશોર મકવાણા, ભરત સોલંકી, લલીત સોલંકી, ગોવીંદભાઈ કાકડીયા, છગનભાઈ, નારણભાઈ, સુરેશ અગ્રવાલ, કાંતીભાઈ ભુત, મનસુખભાઈ મકવાણા વગેરે સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા ખુબજ જહેમત ઉઠાવી હતી.

અંધશ્રધ્ધા વીરુદ્ધ ચળવળ ચલાવતા રાજકોટની અખીલ ભારતીય વીજ્ઞાનવાદી પરીશદના રાજેન્દ્ર ઠાકર અને જયેન્દ્રસીંહ રાણાએ કહ્યું હતું કે ધર્મના નામે અંધશ્રધ્ધા ફેલાવતા બ્રાહ્મણોને સ્વામી દયાનંદ સરસ્વતીએ હરદ્વારમાં શાસ્ત્રાર્થ કરીને હરાવ્યા હતા

રાજકોટમાં વીજ્ઞાન જાથાએ ભુવા-ભારાડી સામે જાણે યુધ્ધ જ કર્યું હતું. સંસ્થાની ચળવળથી લોકોનું ધ્યાન ખેચાયું હતું. તો અખીલ ભારતીય વીજ્ઞાનવાદી પરીશદે પણ અંધશ્રધ્ધા સામે છેલ્લા ૨૭ વર્શથી મોરચો માંડયો છે.

૧૯૮૦ના વર્શમાં ધર્મેન્દ્રસીહજી કોલેજમાં સાથે અભ્યાસ કરતા બે મીત્રો જયેન્દ્રસીંહ રાણા તથા લલીતભાઈ સોલંકીએ રેશનાલીઝમની પ્રવૃત્તીને આગળ ધપાવવા બીડું ઝડપ્યું હતું. એ જમાનામાં સમાન વીચાર ધરાવનારા મીત્રોએ ગ્રુપ બનાવી અંધશ્રધ્ધા વીરુદ્ધ ચળવળ શરુ કરી છે. પાંચેક વર્ષ બાદ ૧૯૮૫માં ગુજરી બજારમાં મોતીની દુકાન ધરાવતા રાજેન્દ્ર ઠાકર તેમજ વી. વી. કેમીકલની દુકાન ધરાવતા નારણભાઈ મોઢેજાએ રાજકોટમાં ચમત્કાર ચકાસણી કેન્દ્ર નામે સંસ્થા મુંબઈની સંસ્થાની પ્રેરણાથી સ્થાપી હતી. જેમાં જયેન્દ્રસીંહ રાણા, લલીતભાઈ સોલંકી, જાદુગર ડીપ, જાદુગર ચાનીયા, દીનેશભાઈ ઠકરાર, છબીલ ધોળકીયા, નુરઅલી સોહાની વગેરે મીત્રો ઉમેરાતા ગયા.

૧૯૯૦ની સાલમાં ચમત્કાર ચકાસણી કેન્દ્રના માળખામાં ફેરફાર કરી નવી સંસ્થા સત્યશોધક સભા અસ્તીત્વમાં આવી. જેના ચેરમેન ડો. એન. કે ઈન્દ્રાયન બન્યા. માળખાકીય સભ્યોમાં સેક્રેટરી તરીકે જયંતભાઈ પંડયા નીમાયા અને સભ્યોમાં નારણભાઈ કોરાટ, એચ. કે. રાજા, એમ. રામચંદ્રન, માયાભાઈ ભરવાડ વગેરેએ સંસ્થાને આગળ ધપાવવામાં સારો સહયોગ આપ્યો. ત્યારબાદ ૨૦૦૦ના વર્શમાં ચમત્કાર ચકાસણી કેન્દ્ર, સત્ય શોધક સભા, ભારત વીજ્ઞાન પરીશદ વગેરે સંસ્થાઓનું વીલીનીકરણ થતાં નવી સંસ્થા અખીલ ભારતીય વીજ્ઞાનવાદી પરીશદનો જન્મ થયો, જેમાં વીજ્ઞાન જાથાના સભ્યો દીનેશ પટેલ, મહેશ પટેલ, નાથાભાઈ પીપળીયા, હબીબ સુમરા વગેરે જોડાયા. આ સંસ્થાનું સુકાનીપદ દીનેશ પટેલે સંભાળ્યું હતું.

૨૦૦૦ના વર્શમાં આ સંસ્થાની પ્રવૃત્તી ચરમસીમાએ હતી. દીનેશ પટેલના સુકાનીપદ હેઠળ અનેક પાખંડીઓને ખુલ્લા પાડવામાં આવ્યા હતા, જેમાં જસદણ ખાતેના જુના પીપળીયા ગામે અંધશ્રધ્ધાના

આવરણમાં લપેટીને ભોળી પ્રજા પાસેથી નાણાં ખંખેતરા મનુ અદાના ધતીંગના પર્દાફાશનો કીસ્સો ખુબ જ ચગ્યો હતો. ગુજરતાનો આ પ્રથમ બનાવ હતો કે જેમાં અંધશ્રધ્ધાના બનાવમાં કેસ કરવામાં આવ્યો હતો અને આરોપીને સજા થઈ હતી. તો વીજ્ઞાનવાદી પરીશદે રાજકોટમાં અલકાપુરીમાં ધતીંગબાજ કાંતીલાલ શાસ્ત્રીની પોલ પણ ખુલી પાડી હતી. વીજ્ઞાનવાદી પરીશદના પર્દાફાશના આવા ઘણા કીસ્સાઓ છે. અખીલ ભારતીય વીજ્ઞાનવાદી પરીશદના વર્તમાન પ્રમુખ **જયેન્દ્રસીંહ રાણા જણાવે છે કે છેલ્લા કેટલાક સમયથી સંસ્થાએ ચળવળનો વ્યુહ બદલ્યો છે. પહેલા પર્દાફાશના કાર્યક્રમો કરતા. હવે બાળકો, મહીલાઓ, લોકોને સમજાવવાનું કામ કરે છે.**

કારણ કે એક જગ્યાએ પોલ ખોલ્યા બાદ ધુતારાઓ બીજી જગ્યાએ પોતાનો ધંધો શરુ કરે. ક્યાં ક્યાં તેમની પાછળ જવું ? પણ જો લોકો જાગૃત હોય તો આવા ધુતારાઓ ન ફાવે. રાજકોટમાં અમે લોકજાગૃતીના કાર્યક્રમો વીનામુલ્યે કરીએ છીએ. બહારગામ માટે પરીવહન ખર્ચ લઈએ છીએ. રાણા જણાવે છે કે આ સામે પુરે તરવા જેવી પ્રવૃતી છે, જેમાં સરકાર તરફથી કે સમાજના શ્રેશ્ઠીઓ તરફથી હજુ અપેક્ષા મુજબ સહકાર નથી મળતો તેમ છતાં અમે કેટલાક મીત્રો ક્યારેક ગાંઠનું ગોપીચંદન કરીને પણ લોકોને જાગૃત કરીએ છીએ.

અમારા પુર્વ સુરીઓએ અંધશ્રધ્ધા સામેની લડાઈમાં જે ભોગ આપ્યો છે તેની તુલનામાં અમારી સ્થીતી સારી છે. લોકો અમને સાંભળે છે. અખીલ ભારતીય વીજ્ઞાનવાદી પરીશદ વીશે વધુ જાણકારી માટે જયેન્દ્રસીંહ રાણા (મો. ૯૮૨૪૨ ૩૨૮૩૦) તેમ જ રાજેન્દ્ર ઠાકર (મો. ૯૪૨૭૨ ૬૮૦૨૯) સત્યેન ટ્રેડીંગ સેન્ટર, ગુજરી બજાર, રાજકોટનો સંપર્ક કરવો.

વીચીત્ર વૃતાંત

સંપાદક: **જયદેવ ત્રીવેદી,** એડવોકેટ

'દલીત બુધ્ધ બને જ કેમ ?'

ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જીલ્લાનું ભદેવરા ગામ તીરંગાને બદલે કાળા ધ્વજોથી છવાઈ ગયું હતું. ગામના એક હોનહાર દલીત યુવાન ચક્રસેન ગૌતમની હત્યાથી ભદેવરા ગામમાં આઝાદી દીને સન્નાટો છવાયેલો હતો.

ચક્રસેન ગૌતમના હત્યારાઓ ઉત્તરપ્રદેશમાં દલીતોને સ્વાભાવીક રીતે રંજાડતા રહેતા મુલાયમસીંહના જાતભાઈઓ એવા 'યાદવો' નહોતા, પરંતુ માયાવતી સરકારના કર્ણધાર મનાતા 'સોશ્યલ એન્જીનીયરીંગ'ના મહારથી સતીશચંદ્ર મીશ્રાના જાતભાઈઓ એવા બ્રાહ્મણો હતા. ચક્રસેન ગૌતમની હત્યા એટલા માટે નહોતી કરવામાં આવી કે તે ગોહાનાના વાલ્મીકી યુવાન લારા જેવો મજબુત હતો અને માથાભારે તરીકે પંકાતો હતો. ચક્રસેન ગૌતમ એટલા માટે મરાયો કેમ કે એણે આ વરસે અલ્હાબાદની એન્જીનીયરીંગ કોલેજમાં બી.ટેક.માં પ્રવેશ મેળવ્યો હતો!

ચક્રસેન ગૌતમ રુઆબદાર એવા પેન્ટ-શર્ટ પહેરતો અને ફાંકડું અંગ્રજી બોલતો હતો. ગામના બ્રહ્મણ અને એવા બીજા કહેવાતા ઉજળીયાતોને ચક્રસેન આંખંના કણાની જેમ ખુંચતો હતો. તેમને લાગતું હતું કે, આજે ચક્રસેનને એન્જીનીયરીંગ કોલેજમાં એડમીશન મળ્યું છે તો કાલે તે જરુર એન્જીનીયર બનવાનો. મનુસ્મૃતીના કાયદાઓમાં વીશ્વાસ રાખનારને માટે આ કેમનું સહ્યું જાય? એટલે તેમણે ચક્રસેનને ક્રુર રીતે રહેંસી નાખ્યો. ચક્રસેનને એક લીમડાના ઝાડ સાથે બાંધવામાં આવ્યો. સ્ક્રુ ડ્રાયવર અને સળીયાથી તેની આંખો અને ગુપ્તાંગ કાટી નંખાયા અને તેને બેરહેમીથી મારી નાંખવામાં આવ્યો. શીક્ષણ વીશેની ચક્રસેનની તડપ તેની હત્યા સાથે જ સમાપ્ત થઈ ગઈ. એ ગૌતમ કે 'બુધ્ધ' બને તે પહેલાં જ તેને જાતીના બંધનોમાં જકડી લેવામાં આવ્યો.

અસ્પૃશ્ય એવા દલીત સમાજમાં જન્મને કારણે ચક્રસેન ગૌતમ ભલે હણાયો પણ દલીતોની, ગરીબોની, પછાતોની શીક્ષણ માટેની ભુખ પુરી થવાની નથી. શીક્ષણ જ તેમને ભવની ભાંવઠ ભાંગનારો રામબાણ ઈલાજ લાગે છે. એટલે શીક્ષણમાં સર્વોચ્ચ પરીણામો મેળવવા દલીત, આદીવાસીઓ, અન્ય પછાતો, સ્ત્રીઓ કૃતનીશ્ચયી છે.

માંડ અગીયારેક વર્શની ફુસી નામક છોકરીને ભણવાની જીદને લીધે મરવું પડયું હતું. રાજસ્થાનના જોધપુર જીલ્લાના ઉદયસર ગામની ફુસી આ વર્શે પાંચમું ધોરણ પાસ થઈ હતી. તેની ઈચ્છા આગળ ભણવાની હતી. પણ ગામમાં દ્રુઠ્ઠા ધોરણની શાળા નહોતી. વધુ ભણવા માટે તેને ગામથી સાત કીલોમીટર દુરના ગામની શાળામાં જવું પડે તેમ હતું. ખેતકામદાર મા-બાપને માટે ફુસી માટે સાઈકલની વ્યવસ્થા કરવી શક્ય નહોતી. તો ગામથી આટલે દુર દીકરીને ભણવા મોકલવામાં ફુસીની અભણ માનો જીવ ચાલતો નહોતો. ફુસી તો આગળ ભણવાની હઠ લઈને બેઠી હતી. મા-બાપની સમજાવટ બહુ કારગર ન નીવડી. ફુસીની રોજ રોજની જીદથી કંટાળીને તેની માતા ધાપુદેવીએ તેને વેલણ વડે ફટકારી, ફુસી માટે માનો માર જીવલેણ નીવડ્યો અને શીક્ષણની જીદ તેનો જીવ લઈને જંપી.

ચંદુ મહેપરીયા ("દલીત અધીકાર"માંથી)

દહન નહી, વહન

પશ્ચીમ બંગાળના છોટા પશાલા ગામમાં ઠેરઠેર ઝેરી કોબ્રા જોવા મળે છે.પણ લોકો તેથી ભયભીત નથી. આવા કોબ્રા મરી જતાં તેમને માટીના ઘડામાં નાખીને નદીમાં વહેતા કરી દેવામાં આવે છે.

સડકપુજા

આગ્રા હાઈવે પર અવારનવાર અકસ્માતો થયે રાખે છે. જે મહીલાઓના પતીઓ હાઈવે પર લારીઓ ચલાવે છે તેવી મહીલાઓ પતીની સુરક્ષા માટે 'સડકપુજા' નીયમીત કરે છે. આગ્રા ગ્વાલીયર હાઈવે પર સરોજદેવી સડકનો નાનો ભાગ તેઓ પાણીથી સાફ કરી કુમકુમથી સ્વસ્તીક અને ચાંદલા કરે છે, પેંડાનો પ્રસાદ મુકી અગરબત્તી પેટાવી પોતાના પતીની સુરક્ષા માટે પ્રર્થના કરે છે. હાઈવે સાથે સંકળાયેલા અન્ય કોટલાક ગામોમાં પણ આવી સડકપુજા થાય છે. જો કે એથી અકસ્માતો ઘટયા નથી અને ઘટશે કે કેમ તેનો વીચાર પણ કોઈ કરતું નથી.

બાઘો સંજય દત્ત

સંજય દત્ત પર આપત્તી તેની બુરી સંગત અને અણઘડતાને કારણે આવી છે એમ જો તમે માનતા હો તો એ માન્યતા તમને મુબારકઃ એની નજીકના વર્તુળો અને સંજય પોતે પણ એને સાડાસાતીનો પ્રભાવ જ માને છે. અને માત્ર માનીને જ બેસી રહેતો નથી. પ્રભાદેવીના સીધ્ધી વીનાયક, સીંગણાપુરના શનીદેવ વગેરે ધર્મસ્થાનોના ધક્કા ખાય છે એટલું જ નહી, પણ પીતા સુનીલ દત્તના મીત્ર મંડલોજીએ ઉજૈનમાં મનોકામનાસીધ્ધ હનુમાન મંદીરમાં સંજયના હાથે પુજાઅર્ચના પણ કરાવી, કે જે તંત્રસાધના માટેનું એકમાત્ર મંદીર છે. સંજયે મહાકાળેશ્વર મંદીરમાં ભસ્મઆરતી પણ કરી, જયાંના પુજારી કૃશ્ણ શર્મા તંત્રસાધક છે.

નરગીસની યાદમાં

મીડીયાએ જેને તદ્દન ગેરવાજબી પ્રસીધ્ધી આપીને અમસ્તો અમસ્તો જ ચગાવ્યો છે તે સંજયદત્તની સાંસદ બહેન પ્રીયા દત્તે તેના પીતા સુનીલ દત્તની આત્મકથા લખી છે તેમાં જણાવ્યા પ્રમાણે પત્ની નરગીસના મૃત્યુ બાદ સુનીલ દત્ત રાત્રે ૩-૪ વાગે નરગીસની કબર પાસે જઈ તેની સાથે વાતો કરી વહેલી સવારે પાછો ફરતો હતો.

ટપાલખાતાએ નરગીસની યાદમાં જે ટીકીટો પ્રગટ કરી હતી તેનો મોટો લોટ સુનીલ દત્તે ખરીદી લીધો હતો અને પત્રવ્યવહારમાં એ જ ટીકીટો વાપરતો હતો.

બે બાળકો વધેરાયાં

ઓરીસ્સાના નવરંગપુર જીલ્લાના રાઈધર ગામ પાસેના જંગલમાં આવેલા એક દેવી મંદીરમાંથી બે બાળકોનાં માથાં તથા અન્ય અંગો મળી આવતાં તપાસમાં જણાયું હતું કે તેજ તાવને કારણે એક બાળકનું મૃત્યુ થયું તેને ભુવાએ દેવીનો કોપ ગણાવીને બે બાળકોનો ભોગ દેવી માંગે છે એમ કહ્યું હતું અને એ રીતે દેવી મંદીરમાં બે બાળકોને વધેરી દેવાયાં હતાં.

શીક્ષીકાએ વીદ્યાર્થીનીને હણી નાખી

પુત્રપ્રાપ્તી માટે એક તાંત્રીક બાઈની સલાહથી નાગપુર જીલ્લાના કુડેગામની શીક્ષીકા રાહીભાન ટેમ્ભુર્નેએ તેની કોલેજની એક ૧૬ વર્શીય વીદ્યાર્થીનીને હણી નાખી. બાદમાં તેને ગુપચુપ દાટી દેવા જતાં પાડોશીઓની ફરીયાદ પરથી ઝડપાઈ ગઈ.

પોલીસની જ સાક્ષીએ?

છેલ્લાં ૬૦ વર્શથી જયાં એકપણ દવાખાનું નથી તેવા ઓરીસ્સાના બાલાસોરનાં એકસો જેટલાં વાસીઓએ એક પુરુશ અને ત્રણ સ્ત્રીઓનાં ગળાં કાપી નાખ્યાં. તેઓ માનતાં હતાં કે આ ચારે તાંત્રીકો ગામનાં બાળકોમાં તાવ જેવી બીમારીઓ લાવતાં હતાં. ગામની પોલીસ પણ એમ જ માનતી હોઈને તેણે મૌન પાળ્યું.

ગર્ભવતી બકરી સંગ નારી

સવાઈ માધોપુર રાજસ્થાનના બોબી ગામમાં વાંઝણી સ્ત્રીને બકરીની જેમ હાથ-પગ બાંધીને બકરીના ઝુંડ વચ્ચે રાખવામાં આવે છે અને તેમાંની કોઈ બકરી ગર્ભવતી થાય તો તે બકરી સાથે પેલી સ્ત્રીને સાંકળથી બાંધી દેવાય છે. માન્યતા એવી છે કે એમ કરવાથી સ્ત્રીની ગર્ભવતી બનવાની સંભાવના વધે છે. આવા સમયે સ્ત્રીએ પોતાની યોની પર તાળું વાસેલી લોખંડની જાળી પહેરવી પડે છે.

ત્રણ વર્શ દુબઈ રહી આવેલા ઈન્દ્રસીંઘ નામના એક ભાઈએ પોતાની સગી બહેનની આ અવદશા જોઈને પોલીસ ફરીયાદ કરી બહેનને છોડાવી હતી. જો કે બહેનની સાસુને તો એ રીતે છોડાવી લેવામાં અનર્થ જ લાગ્યો હતો.

પ્રેસનોટ

જીવનનું ધ્યેય છે આનંદ

સાંધ્યગોશ્ઠીમાં પ્રખર રેશનાલીસ્ટ રમણભાઈ પાઠક

'વ્યારા સબરો પ્યારા' એવા ઉદ્‌ગાર સાથે શ્રોતાજનોને વધાવતાં રમણભાઈએ કહ્યું કે "જે લોકો સંસ્કૃતીની વાત કરે છે, જે લોકો કોઈક વીચારસરણીને વરીને જીવવા માંગે છે તેણે મનુશ્યની ૨૩૦૦ વર્શ પહેલાં એરીસ્ટોટલે આપેલી વ્યાખ્યા મેન ઈઝ એ રેશનલ એનીમલનો ખ્યાલ રાખવો જરૂરી છે. પ્રાણીઓ ફક્ત કુદરતી વૃત્તીથી જીવે છે, માણસ વીવેકનો ઉપયોગ કરીને જીવે છે. એ રેશનાલીઝમનો પાયો છે. સારું શું ને ખોટું શું એનો સતત વીચાર માણસ કરતો રહે છે. રેશનાલીઝમ એ મેન્ટલ એટીટ્યુડ માનસીક વલણ છે. શું યોગ્ય શું અયોગ્ય, શું સત્ય શું અસત્ય એ નક્કી કરે છે તે રેશનાલીસ્ટ દરેક માણસની પોતાની અલગ સત્તા હોય છે. મોરારીબાપુએ મંદીરને બદલે સંડાસ બાંધવાં જોઈએ એવું મારું લખાણ વાંચ્યું અને તેમ કર્યું એ કદાચ એક ચમત્કારીક ઘટના છે. માણસ પરીસ્થીતીથી બંધાયેલો છે તેથી ક્રુશ્ચેલે કહેલું કે આપણે એક હજાર વર્શ પછી રેશનાલીસ્ટ બનીશું. આપણી દરેક સીસ્ટીમમાં કશીક તર્કહીનતા હોય તેવું દેખાય છે. બે વ્યક્તી – એક પુરુશ અને એક સ્ત્રી પરસ્પરને ગમે એટલે ભેગા રહેવાનો નીર્ણય કરે એમાં કુંડળી જોવાની વાત ક્યાંથી આવી ? જાતજાતની વીધીઓનો શો અર્થ ?

દુનીયાદારીનાં ઘણાં બંધનો ફગાવવાં પડે, તો રેશનાલીસ્ટ થવાય. એ અશક્યવત્ તેથી માણસો ઇચ્છે તોયે રેશનાલીસ્ટ થઈ શકતા નથી. રેશનલ બનવા હીંમત જોઈએ – સાહસ જોઈએ. માનવીએ મગજ વીકસાવ્યું તેની સાથે એને પ્રશ્નો થયા તેના ઉત્તરો શોધતાં શોધતાં પુનર્જન્મની, પુર્વ જન્મની, આત્માની વાત આવી; પરંતુ એવું કશું હકીકતમાં છે જ નહીં એ સત્ય ચાર્વાક સમજેલો. પંચમહાભુતો અમુક પ્રમાણમાં ભેગા થાય એટલે ચૈતન્ય ઉત્પન્ન થાય છે, એને ઘસારો પહોંચે છે એટલે એ ખલાસ થઈ જાય છે. આ છે જન્મ અને મૃત્યુનું રહસ્ય. જન્મ અને મૃત્યુ આપણા હાથમાં નથી ત્યારે જીવન, જે આપણા હાથમાં છે તેના વીશે વીચાર કરવાનો છે.

બુધ્ધ રેશનાલીસ્ટ હતા એમણે શીશ્યને કહેલું કે કોઈનું માનીશ નહીં, તારે ગળે ઉતરે તે સ્વીકારજે. પ્રાણીમાત્ર સુખ શોધે છે. એટલે જીવનમાં આનંદ કરો. બીજી બધી વાતો છોડો. બર્ગશાંએ કહ્યું કે માણસ જ એક માત્ર એવું પ્રાણી છે જે ઈરેશનલ અબૌદ્ધીક કામ કરે છે. પ્રસીધ્ધ સાહીત્યકાર ચાલ્ડસ હકસલીનું દશ્ટાંત આપતાં એમણે કહ્યું કે તેમણે એમની પ્રવાસકથામાં સાબીત કરી બતાવ્યું કે માણસ કરતાં પ્રાણીઓ ઘણીવાર વધુ બુધ્ધીપુર્વક વર્તે છે. ઘણા અર્ધશ્રદ્ધાળુ હોય છે, સુડોવીજ્ઞાન આપણે ત્યાં બહુ બહુ ચાલે છે એટલે તાર્કીક લાગે તેવાં બહાનાં બતાવાય છે. વહેમો અને અંધશ્રધ્ધાઓ ખોટા અનુભવોને કારણે જન્મે છે. અતાર્કીક કારણોને લીધે થાય છે. એ સ્થાપીત હીતો ઉભાં કરે છે. વીવેક બુદ્ધીપુર્વક વીચારીશું તો આ બધામાંથી બહાર નીકળી શકીશું."

ડો. ગણેશભાઈ ખૈરાના પ્રમુખસ્થાન મળેલી તા. ૩૦–૯ની સાંધ્ય ગોશ્ઠીમાં સંસ્થાના પ્રમુખશ્રી મહેશભાઈ શાહે આજના અતીથી વીવેકબુધ્ધી વીચારક રમણભાઈ પાઠકનું પુશ્પગુચ્છથી સન્માન કર્યું. ઉપપ્રમુખશ્રી સનતભાઈ જોશીએ સભાના પ્રમુખ ગણેશભાઈ ખૈરેનું પુશ્પથી સન્માન કર્યું. સુરતથી પધારેલા સત્યશોધક સભાના અગ્રણીઓ પી.ડી. સુમેસરા, હેમંતભાઈ, બાબુભાઈ દેસાઈનું તથા સીદ્ધાર્થભાઈનું દક્ષા વ્યાસે પુશ્પથી સન્માન કર્યું. દક્ષા વ્યાસે રમણભાઈ પાઠકનો પરીચય આપતાં એમને ગુજરાતના વૈચારીક આંદોલનના મહામુલા રતન તરીકે ઓળખાવ્યા.

પ્રશ્નોત્તરીમાં સમુહમાધ્યમો દ્વારા અંધશ્રધ્ધાને અપાતા પ્રોત્સાહન અંગે, આસ્તીક અને નાસ્તીક વીશે, લગ્નવીધી, રામ હતા કે કેમ, યોગસાધના, આત્મા અને લાગણીઓ–ધર્મભીરુતા વગેરે અનેક મુદ્દાઓ વીશે વીગતે ચર્ચા થઈ. સભાના પ્રમુખ ડૉ. ગણેશભાઈ ખૈરેએ કહ્યું કે "રેશનાલીઝમ માનવ હીતાર્થે છે તે સાબીત થયેલી બાબત છે. એમાં રસ ધરાવતા સૌએ સત્યાન્વેશણ અને વીવેકપંથી સામયીકો વાંચવા ભલામણ છે, વીવેકબુધ્ધીથી જીવનારે બાવાઓ પાસે જવાની જરુર નથી રહેતી. રમણભાઈ રેશનાલીઝમના ભીશ્મ પીતામહ છે. એમણે એક પણ વાત બાકી રાખી નથી." શાંતીલાલ મેરાઈએ આભારદર્શન કરતાં શ્રીરામ લાગુને યાદ કર્યા કે રેશનાલીઝમ એ દીવાલ સાથે માથું પછાડવાની પ્રવૃત્તી છે.

ધુપછાંવ

– દીનેશ પાંચાલ

ઘણા વર્શો પુર્વે નીહાળેલી એક ઘટના, તાજીયાના જુલુસમાં એક યુવાન જીભની આરપાર સળીયો ખોસેલો હોય એવો દેખાવ કરી રહ્યો હતો. શ્રદ્ધાળુઓ એને ધર્મનો ચમત્કારીક પ્રભાવ ગણી શ્રદ્ધાભાવે વંદન કરી રહ્યા હતા. પરંતુ એ "યુ" આકારમાં વાળેલા સળીયાની એક ટ્રીક માત્ર હતી. માણસ એવા "યુ" આકારના ચમત્કારો બતાવતો ત્યારે જ બંધ થઈ શકે જ્યારે એ અંધશ્રધ્ધામાંથી યુ ટર્ન લઈ રેશનલીઝમ તરફ વળે. (નવરાત્રી વેળા ય ઘણાને માતા આવ્યાની મેનમેઈડ ઘટના બને છે) ધર્મ આવી અંધશ્રદ્ધાને સ્પોન્સર કરતો હોય તો તે ધર્મગુરુઓને ના પરવડવું જોઈએ. સમાજનું કલ્યાણ ત્યારે થઈ શકે જ્યારે આવી ટ્રીકનો પહેલો વીરોધ સત્યશોધક સભાને બદલે મોરારીબાપુઓ કે આશારામબાપુઓ કરે.

પ્રત્યેક હોળીની રાત્રે શ્રદ્ધાળુ સ્ત્રીઓ સળગતી હોળીની પ્રદક્ષીણા કરી પુજા કરે છે. હોલીકા હીરણ્યકશ્યપની બહેન હતી. તેણે પ્રહલાદને જીવતો સળગાવી દેવાની કોશીશ કરેલી. તે પુજનીય તો હતી જ નહીં ! સ્ત્રીઓને કોઈક હોળીએ તો પ્રશ્ન થવો જોઈએ – વર્શોથી આપણે કોની પુજા કરીએ છીએ ? એક ક્રુર રાક્ષસીણીની ? ધર્મ હાથ જોડવાનું શીખવે છે – વીચારવું નહીં. અન્યથા મોરારીબાપુની મદદ વીના ય સમજી શકાય કે પુજા ઈશ્ટની થઈ શકે, અનીશ્ઠની નહીં ! ધર્મમાં પાવલીભર પણ બુધ્ધીની દરમીયાનગીરી હોય તો અંધશ્રધ્ધા આટલી વ્યાપક ના હોય !

"અરે તેં તો જીંદગીભર લગ્ન ના કરવાના સોગંદ લીધા હતા. પછી એકાએક આમ પરણી કેમ ગયો?"

"મને મારા જ વીચારની છોકરી મળી ગઈ. એણે પણ લગ્ન ના કરવાના સોગંદ લીધા હતા.

★

"મેં હજી તો એક જ ગીત ગાયું ત્યાં સભાગારમાંથી એક ચંપલ આવી પડયું."

"પછી તેં શું કર્યું."

"એક ચંપલ તો નકામું ને ! મેં તરત બીજું ગીત ચાલુ કર્યું."

★

"હજી તો લાયસન્સ મળ્યે પાંચ જ દીવસ થયા છે, ત્યાં તેં આ પાંચમા માણસને ઉડાડયો !"

"માફ કરજો નામદાર, આ ચોથો જ માણસ છે. એક માણસ બે વખત આવી ગયો છે."

"લોકો પણ કેવા ગાંડા છે ! રેલ ભાડાં આટલાં બધાં વધી ગયા છતાં પ્રવાસ કરવાનું ઘટાડતા નથી."

"ગાંડા નહી, ડાહ્યા છે, એ જાણે છે કે આવતા વર્શે ભાડાં હજી વધવાનાં છે."

★

"શેઠ છે ?"

"હા છે, બેસો એ ડીનર લઈ રહ્યા છે."

"અરે મુર્ખ, સવારના નાસ્તાને બ્રેકફાસ્ટ કહેવાય, ડીનર નહી."

"હા, પણ એ રાતનું વધેલું જ ખાઈ રહ્યા છે."

★

"શેઠજી, તમારી દીકરીએ ગઈકાલે મને વચન આપ્યું છે કે એ મારી સાથે લગ્ન કરશે."

"અભીનંદન, ખુબ ખુબ અભીનંદન. છેલ્લા અઠવાડીયામાં તમે ૧૦મા ઉમેદવાર છો, જે ને એણે વચન આપ્યું છે."

PRINTED BOOK

To,

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Datta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East),
Mumbai - 400 093.

Printed by REAL PRINT SERVICES, Fort, Mumbai - 400001. • Cell : 93237 31040